dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 07 | AD - 2024, Aaso Sud -04 | Monday, Dt.07-10-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## ભોપાલની ડ્રગ્સ ફેક્ટરીમાંથી રૂ.૧૮૧૪ કરોડનું ડ્રગ્સ ઝડપાયું

ગાંધીનગર, તા.૦૬

ગુજરાત એટીએસ અને એનસીબીએ સંયુક્ત ઓપરેશન હાથ ધરી કરોડો રૂપિયાનું ડ્રગ્સ ઝડપી મોટી કાર્યવાહી કરી છે. ભોપાલમાંથી ૧૮૧૪ કરોડનું એમડી ડ્રગ્સ ઝડપ્યું છે. અત્યાર સુધીની ATS ની રેડમાં પ્રથમ વખત મોડર્ન પ્લાન્ટ અને સૌથી મોટો શેડ મળી આવ્યો છે જ્યાં રોજનું ૨૫ કિલો ડ્રગ્સનું પ્રોડકશન થઈ શકે તેવી ક્ષમતા છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ગુજરાત એટીએસ અને એનસીબી, દિલ્હીને ડ્રગ્સ સામેની લડાઈમાં મોટી જીત બદલ અભિનંદન આપ્યા છે.
















# ચલાલામાં ગટરની સફાઈ મુદ્દે વોર્ડ નં.૪ના રહીશોમાં રોષ, નગરપાલિકા તંત્ર સામે આક્ષેપો

ચલાલાતા.૦૬

ચલાલા નગરપાલિકા દ્વારા વોર્ડ નં.૪માં આવેલા વાલ્મીકી વિસ્તાર, શાંતિનગર અને મહાદેવ પરા વિસ્તારમાં રાગદ્વેષપૂર્વક ઓરમાયું વર્તન રાખવામાં આવી રહ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક સમયથી શહેરના જુદા જુદા વિસ્તારોમાં ભૂગર્ભ ગટર ચોક-અપ થવાના કારણે દુર્ગંધયુક્ત પાણી રોડ




પર વહેતું થતાં સ્થાનિક ધારાસભ્ય જે.વી. કાકડિયાની રજૂઆતના પગલે ભાવનગરથી હેવી જેટિંગ મશીન મોકલવામાં આવ્યું હતું. જોકે, નગરપાલિકાના એન્જિનિયર રાહુલ ગોસ્વામી અને એસબીએમ એન્જિનિયર ઋત્વિક કાબરિયા દ્વારા વોર્ડ નં.૪ની અવગણના કરવામાં આવી રહી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે પૂર્વ નગરપાલિકા પ્રમુખના પતિ અને ભાજપના વરિષ્ઠ આગેવાન પ્રકાશભાઈ કારિયાએ મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી બંને એન્જિનિયરો સામે કાર્યવાહીની માંગ કરી છે.

# અમરેલીની ગજેરા સંકુલની ત્રણ વિદ્યાર્થિનીઓ M.Sc. કેમિસ્ટ્રીમાં યુનિવર્સિટીમાં અવ્વલ

અમરેલી,તા.૦૬

અમરેલી જિલ્લા લેઉવા પટેલ એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત લેઉવા પટેલ ટ્રસ્ટ M.Sc. મહિલા કોલેજના વિદ્યાર્થીનીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના M.Sc. (Chem.) સેમ.-૨ના પરિણામમાં શાનદાર દેખાવ કર્યો છે. કોલેજે ૧૦૦% પરિણામ સાથે



૧૦૦% ડિસ્ટિંક્શન મેળવ્યું છે. કોલેજની ત્રણ વિદ્યાર્થિનીઓએ યુનિવર્સિટીમાં પ્રથમ ત્રણ સ્થાન મેળવ્યા છે. જેમાં ચાવડા પૂજા અરજણભાઈ - પ્રથમ રેન્ક, રફાણિયા ક્રિષ્મા રમેશભાઈ - દ્વિતીય રેન્ક અને વાજા અંજલી વિરજીભાઈએ - તૃતીય રેન્ક મેળવ્યો છે. આ સફળતા બદલ કોલેજના સ્ટાફ અને તેમના ત્રણેય રેન્કર્સને સંકુલ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# લીલીયા મોટામાં હોમગાર્ડ જવાનો દ્વારા સ્મશાનમાં સ્વચ્છતા અભિયાન




લીલીયા, તા.૦૬

જિલ્લા હોમગાર્ડ કમાન્ડર રોહિતભાઈ મહેતાની સૂચના અને શરદભાઈ સાપરિયાના માર્ગદર્શન હેઠળ લીલીયા મોટા ખાતે સ્વચ્છતા હી સેવા અભિયાન યોજાયું હતું. આ અભિયાન અંતર્ગત સ્થાનિક સ્મશાનમાં હોમગાર્ડ જવાનો દ્વારા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

# અમરેલીની મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

અમરેલી, તા.૦૬

અમરેલી જિલ્લા વિદ્યાસભા-સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજમાં 'એન.એસ. એસ. દિવસ' નિમિત્તે તારીખ ૧૮/૦૯/૨૦૨૪ને શુક્રવારનાં રોજ 'વક્તૃત્વ, રંગોળી અને ચિત્ર- સ્પર્ધા' એમ ત્રિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પઠાણ સુનેરા



એ., બીજા ક્રમે જોષી હેમાદ્રી ટી. ત્રીજા ક્રમે પરમાર હિમાંશી અને વાઘેલા ઉર્મિલાએ સ્થાન પ્રાપ્ત કર્યું હતુ. વક્તૃત્વ સ્પર્ધાના વિષય હતા- 'નશામુક્તિ', 'એન.ઈ.પી. ઉપકારક કે અભિશાપ', 'એ.આઈ. ઉપકારક કે અભિશાપ', '૨૦૪૭ના ભારત માટે યુવાનોનું કર્તવ્ય'. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે ઈન્ચાર્જ પ્રિન્સિ. ડૉ. બી. આર. ચુડાસમાએ અને સંસ્કૃત વિભાગના અધ્યક્ષા ડૉ.વિલાસબેન સોરઠિયાએ સેવા આપી હતી. ચિત્ર-સ્પર્ધામા પ્રથમ ક્રમે દાફડા ચંદ્રિકા આર., બીજા ક્રમે દાફડા અલ્પા એન. અને ડેર ક્રિષ્ના એ. સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ.

# જાફરાબાદ પંથકમાં પરીણિતાની છેડતી કરી બિભત્સ માંગણી કરી

**ધોળાદ્રી ગામના પુરુષ સામે ફરિયાદ નોંધાઈ**

જાફરાબાદ, તા.૦૬

જાફરાબાદ પંથકમાં એક પરીણિતાનો હાથ પકડીને મારે તારી સાથે મેળ કરવો છે. તેવું કહી બિભત્સ માંગણી કરી હતી. તેમજ ગંદી ગાળો બોલી હતી.

બનાવ અંગે પરિણીતાએ ધોળાદ્રી ગામે રહેતા લાખાભાઈ દાનાભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીએ તેનો પીછો કરીને હાથ પકડીને મારે તારી સાથે મેળ કરવો છે તેમ કહી છેડતી કરી હતી. તેમજ બેઈજત કરી ગંદી ગાળો આપી હતી. તેમજ સાહેદ બહેનની પણ છેડતી કરી બિભત્સ માંગણી કરી હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી .વી .પલાસ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી ખાતે સમસ્ત કોળી સમાજનાં લગ્નોત્સુક યુવક-યુવતીઓનો વેવિશાળ પરિચય યોજાશે

અમરેલી, તા.૦૬

અમરેલી ખાતે ગુજરાત, સૌરાષ્ટ્રમાં રહેતા સમસ્ત કોળી સમાજનાં ઉચ્ચ અભ્યાસ કરતા લગ્નોત્સુક યુવતીઓનો વેવિશાળ પરિચય સમારંભ તા.૧૩ ઓકટબરને રવિવારનાં રોજ એન.જી.ધરજીયા નિવૃત્ત પી. આઈ. અમરેલીનાં પ્રમુખસ્થાને રાખવામાં આવેલ છે. આ પરિચય મેળામાં ઉચ્ચ અભ્યાસ કરતાં પરિવાર એકબીજાનાં સંપર્કમાં આવે પસંદગી પામવાની તક મળી રહે તે બાબતે આયોજન કરવામાં આવેલ છે. ફોર્મ અને માહિતી મંડળ પ્રમુખ રમેશભાઈ એસ.ગોહિલ શ્રી રામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ, બીજા માળે, મો. ૯૩૭૪૭ ૩૪૮૨૦ અમરેલી પરશોતમભાઈ એન. મકવાણા મો. ૯૭૨૮૭ ૯૮૬૪૭, રામજીભાઈ ડી. ડાભી ૯૯૨૪૪ ૧૩૯૨૫ ઉપર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# મોટી કુંકાવાવ ખાતે રકતદાન કેમ્પમાં રકતદાતાઓ ઉમટયા



અમરેલી, તા.૦૬

મોટી કુંકાવાવ આરોગ્ય કેન્દ્ર ખાતે તારીખ ૩ના રોજ તાલુકા હેલ્થ કચેરી દ્વારા આયોજિત રક્તદાન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અંટાળાની હાજરીમાં મોટી કુંકાવાવ ગામમાંથી બહોળી સંખ્યામાં ગામલોકો રક્તદાન કેમ્પમાં જોડાયા હતા.

# ધારાસભ્ય કૌશિક વેકરિયાના હસ્તે દેવળિયા ગામથી MVCC કેબલ નાખવાની કામગીરીનો શુભારંભ

અમરેલી,તા.૦૬

ધારાસભ્ય કૌશિક વેકરીયાએ લોકદરબારમાં આપેલ વચન મુજબ શનિવારના રોજ તેમના વરદહસ્તે APMC JGY ફીડરમાં MVCC કેબલ નાખવાની કામગીરીનો શુભારંભ દેવળિયા ગામથી કરવામાં આવેલ છે. આ પ્રસંગે



દેવળિયા ગામના સરપંચ નાથાભાઈ સુખડીયા, PGVCL ના કાર્યપાલક ઈજનેર, નાયબ ઈજનેર તેમજ તમામ ગામજનોએ હાજરી આપી હતી.

# ધારી આંબરડી સફારી પાર્ક ખાતે પ્રાણીઓનુ ચિત્ર પ્રદર્શન નિહાળતા વિદ્યાર્થીઓ

ધારી, તા.૦૬

ધારી વન વિભાગના આંબરડી સફારી પાર્ક ખાતે વન વિભાગ દ્વારા વન્ય પ્રાણી ચિત્ર પ્રદર્શન યોજવામાં આવેલું હતું ચિત્રકાર સુરેશભાઈ નાકરાણી દ્વારા ઓઈલ પેઈન્ટથી બનાવેલા વન્ય પ્રાણીઓના ચિત્રો જોઈને લોકો અભિભુત થયા હતા. ત્યારે વન વિભાગ દ્વારા ધારી શહેરની કોલેજો તેમજ સ્કૂલો અને વિદ્યાર્થીઓને આમંત્રણ આપીને ચિત્ર પ્રદર્શનની મુલાકાત લેવા માટે કહેવામાં આવ્યું હતું. આ ચિત્ર પ્રદર્શનમાં અંદાજે ૧,૦૦૦ કરતાં પણ વધારે વિદ્યાર્થીઓ, પ્રોફેસરો ટીચર તેમજ વિવિધ સંસ્થાઓના વડાઓ દ્વારા આ ચિત્ર પ્રદર્શન નિહાળવામાં આવ્યું હતું.


















# નાના કણકોટ ગામે પાણીની ઉંચી ટાંકીનું ધારાસભ્ય જનક તળાવિયાના હસ્તે ખાતમુહૂર્ત

**૨ લાખ લીટર પીવાના પાણીનો સંગ્રહ થઇ શકે તેવી ક્ષમતાવાળી ઉંચી ટાંકી મંજૂર કરવામાં આવી**

લાઠી,તા.૦૬

લાઠી વિધાનસભા મત વિસ્તારના નાના કણકોટ ગામે પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા ૨ લાખ લીટર પીવાના પાણીનો સંગ્રહ થઇ શકે તેવી ક્ષમતા સાથે ૨૨ મીટર ઉંચાઇ સાથેની ઉંચી ટાંકી મંજુર કરવામાં આવતા આ કામનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ અંગે જનકભાઈએ જણાવ્યું હતું કે, આ કામગીરી ટૂંક જ સમયમાં શરૂ કરીને પૂર્ણ કરાશે તેમજ પીવાના પાણીની માટેની ઉંચી ટાંકી બનવાથી લાઠી તાલુકાના



શાખપુર તેમજ લીલીયા તાલુકાના નાના રાજકોટ, પાંચ તલાવડા અને નાના કણકોટ ગામને પીવાનું પાણી પુરતા પ્રમાણમાં વિતરણ કરવામાં આવશે. આ પ્રસંગે તાલુકા પંચાયત લાઠીના સદસ્ય બાબુભાઈ ખુમાણ, નાના કણકોટ ગામના સરપંચ હસમુખભાઈ પોલરા, પાંચ તલાવડા ગામના સરપંચ ઘીરૂભાઈ ખુમાણ, નાના રાજકોટ ગામના સરપંચ રાજુભાઈ દેસાઈ, તેમજ ઉંચી ટાંકી માટે જમીન દાનમાં આપનાર દાતા પ્રતાપભાઈ ખુમાણ તેમજ ચારે ગામના આગેવાનો, તેમજ નાના કણકોટ ખાતે આવેલ આશ્રમના મહંત મુકતાનંદગીરી બાપુ, તાલુકા ભાજપ સંગઠનના હોદેદારો, ભાજપ મોરચા સેલના હોદેદારો સહિતના આગેવાનો, પાણી પુરવઠા બોર્ડના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા તેમજ ધારાસભ્ય જનકભાઈ તળાવિયાનો આભાર વ્યક્ત કર્યો હતો.

# હજીરાધાર ગામથી પાડરશીંગા જવાના રસ્તેથી ૭ શકુની ઝબ્બે

દામનગર, તા.૬

દામનગરના હજીરાધારથી પાડરશીંગા જવાના રસ્તેથી પોલીસે ૬ જુગારીને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રોકડા ૧૯૧૦ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા હતા. પોલીસે હમીરભાઈ બહાદુરભાઈ ચારોલા, સવજીભાઈ લખમણભાઈ મકવાણા, કિશોરભાઈ લખમણભાઈ મકવાણા, હમીરભાઈ નથુભાઈ માથાસુરીયા, કાળુભાઈ ભાકાભાઈ માથાસુરીયા, અશોકભાઈ પોપટભાઈ સાથળીયા, અરવિંદભાઈ કાળુભાઈ વાઘેલાને જાહેરમા પૈસા-પાના વડે હાર-જીતનો તીન-પત્તીનો જુગાર રમતાં ઝડપી લીધા હતા.

# ચલાલામાં તુલસી વિવાહ સાથે ભવ્ય સમૂહ લગ્ન યોજાશે

ચલાલા, તા.૦૬

ચલાલામાં શ્રી મોગલ સેવા ટ્રસ્ટ દ્વારા તુલસી વિવાહ સાથે સર્વજ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન તા.૧૨-૧૧-૨૦૨૪ના રોજ કરવામાં આવ્યું છે.

આ સમૂહ લગ્નનો મુખ્ય હેતુ ગરીબ પરિવારની દરેક દીકરીઓનો કરિયાવરમાં ઘર ઉપયોગી વસ્તુઓ મળે તેવો છે.

સમૂહ લગ્નમાં જોડાવા માંગતા વર-કન્યાના વાલીઓએ જરૂરી ડોક્યુમેંટ લઈ ચલાલા રૂબરૂ ફોર્મ ભરવા આવવા જણાવાયું છે.

# જાફરાબાદના કડીયાળી ગામે ત્રણ સિંહે ત્રણ પશુનું મારણ કર્યું

જાફરાબાદ, તા.૦૬

જાફરાબાદ શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં હવે જાણે કે સિંહનો રહેણાંક વિસ્તાર બની ગયો હોય તેમ અવાર-નવાર સિંહ ખોરાકની શોધમાં ગામમાં આવી જાય છે અને પશુનું મારણ કરે છે. થોડા દિવસ પહેલા જાફરાબાદના લાઈટ હાઉસ રોડ ઉપર એક યુવાન ઉપર સિંહે હુમલો કર્યો હતો. ત્યાં રવિવારે રાત્રિના સમયે કડીયાળી ગામમાં બાપા સીતારામ ચોક નજીક ત્રણ પશુના મારણ કરી



સિંહોએ મિજબાની માણી હતી. તો બીજી તરફ આ ગામના જ ખેડૂત- સિરાજખાન બ્લોચના ખેતરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી ત્રણથી ચાર સિંહોએ ધામા નાખ્યા હતા, જે અંગેની જાણ ગામના સરપંચ સવજીભાઈ મકવાણાએ વન વિભાગને કરી હતી. આવી રજૂઆતો ઘણીવાર કરવા છતાં પણ કોઈ પ્રકારનું ધ્યાન આપવામાં આવતું નથી તેવું સરપંચે જણાવ્યું હતું. અગાઉ સિરાજખાનની વાડીની નજીક આવેલ ખેતરમાં એક વ્યક્તિની પાછળ સિંહ દોડ્યો હોવાનું પણ સરપંચે જણાવ્યું હતું.

## અવસાન નોંધ

**જસદણ**

રાજગોર બ્રાહ્મણ (કાઠીગોર) ભાવેશભાઈ (દકાભાઈ) નવલશંકર તેરૈયા( ઉ.વ.૪૫ )નું તા.૪ ના રોજ અવસાન થયેલ છે. તે નવલશંકર તેજાગોરભાઈ તેરૈયાના પુત્ર તેમજ સપનાબેન, જાનવીબેન અને પ્રેમના પિતા થાય છે.


અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એકસટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
ROOF TOUCH SHEETS

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

પ્રોફેશનલ ફેમિલી સ્પા હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/- કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
એપોઈન્ટમેન્ટ માટે Mo. 70169 65665 Mo. 98242 65665
PROFESSIONAL spa Amreli
અમરેલી બ્રાન્ચ -૧ અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ. Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨ સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુકિતધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo.98242 65665

ખુશખબર... ખુશખબર... ખુશખબર...
હવે આપના નજીકના સ્ટોરમાં ઉપલબ્ધ
અવધ બેસન
વણેલા ગાંઠીયા,ફાફડા તેમજ ચટાકેદાર ફરસાણ માટે સ્પેશ્યલ અવધ બેસન, તો રાહ શેની જુઓ છો...? આજે ઘરે લઈ આવો અને અવધ બેસનમાંથી ફરસાણ બનાવીને મજા માણો
અવધ બેસન તેમજ અવધ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ - કિલો પેંકિગમાં ઉપલબ્ધ
દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
સમજદાર ગૃહિણીની પહેલી પસંદ એટલે અવધ બેસન
સોમનાથ બેસન ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૮૨-૧. જી.આઈ.ડી.સી.અમરેલી
ફોન: ૨૪૦૧૧૧/૨૪૦૧૧, મો.૯૮૨૪૨ ૩૦૫૧૫

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI HONDA TOYOTA Ford HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com


### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૬૧ /૨૦૨૪

અરજદાર: શ્રી બાબુભાઈ જાદવભાઈ ચૌહાણ
સરનામુ: મું.વઢેરા, તા. જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી, વઢેરા મું. વઢેરા, તા. જાફરાબાદ, જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વઢેરા** ગામના **શ્રી બાબુભાઈ જાદવભાઈ ચૌહાણ** એ તેમના **પુત્ર નામે શ્રી ધનસુખ બાબુભાઈ ચૌહાણનો જન્મ** તા.૦૪/૧૦/૧૯૯૭ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આઈ.આઈ.ગાહા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે ઓકટોમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૩/૧૦/૨૦૨૪
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૭૨ /૨૦૨૪

અરજદાર: શ્રી સાંજનબેન અરજણભાઈ શિયાળ
સરનામુ: મું.લાલબતી વિસ્તાર, જાફરાબાદ તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને ચીફ ઓફિસરશ્રી, નગરપાલીકા મું. જાફરાબાદ, તા. જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી સાંજનબેન અરજણભાઈ શિયાળ** એ તેમની **પુત્રી નામે શ્રી મનીષાબેન અરજણભાઈ શિયાળ નો જન્મ** તા.૦૫/૦૪/૨૦૧૬ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી નરેશભાઈ એલ. મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે ઓકટોમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૩/૧૦/૨૦૨૪
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૭૩ /૨૦૨૪

અરજદાર: શ્રી બારૈયા મંજુબેન રમેશભાઈ
સરનામુ: મું.ધારાબંદર, તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી, ધારાબંદર મું.ધારાબંદર, તા. જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ધારાબંદર** ગામના **શ્રી બારૈયા મંજુબેન રમેશભાઈ** એ તેમના **પુત્ર નામે શ્રી રાકેશ રાકેશભાઈ બારૈયાનો જન્મ** તા.૦૧/૦૬/૨૦૦૯ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી નરેશભાઈ એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે ઓકટોમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૩/૧૦/૨૦૨૪
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૭૪ /૨૦૨૪

અરજદાર: શ્રી બારૈયા મંજુબેન રમેશભાઈ
સરનામુ: મું.ધારાબંદર, તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી, ધારાબંદર મું.ધારાબંદર, તા. જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ધારાબંદર** ગામના **શ્રી બારૈયા મંજુબેન રમેશભાઈ** એ તેમના **પુત્રી નામે શ્રી હિરલ રમેશભાઈ બારૈયાનો જન્મ** તા.૦૧/૦૬/૨૦૦૭ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી નરેશભાઈ એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે ઓકટોમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૩/૧૦/૨૦૨૪
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

# લીલીયા તાલુકાના રોડ આસપાસના જંગલ કટીંગ માટે જિલ્લા પંચાયતને રજૂઆત

**દિવાળી પૂર્વે કામગીરી પૂર્ણ કરવા શિક્ષણ સમિતિના ચેરમેનની માંગ**



અમરેલીતા.૦૬

અમરેલી જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેન રમિલાબેન ધોરાજીયાએ લીલીયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા જિલ્લા પંચાયત હસ્તકના રોડની આસપાસ જંગલ કટીંગની કામગીરી કરવા માટે બાંધકામ સમિતિના ચેરમેનને પત્ર લખ્યો છે. તેમણે પત્રમાં જણાવ્યું છે કે, સમગ્ર તાલુકામાં રોડની આસપાસ જરૂરી સર્વે કરી આગામી દિવાળીના તહેવાર પહેલાં જંગલ કટીંગની કામગીરી પૂર્ણ કરવામાં આવે. આ કામગીરી જાહેર હિતમાં અત્યંત જરૂરી હોવાનું પણ તેમણે પત્રમાં ઉલ્લેખ કર્યો છે.

**CET પરીક્ષામાં ઉચ્ચ મેરીટ ધરાવતા ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો**

# શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

અમરેલી, તા.૦૬

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં આવેલ ×જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એક્સીલન્સ×માં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૪ની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે CET પરીક્ષામાં ઉચ્ચ મેરીટ ધરાવતા ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો. વિદ્યાર્થીઓને મા સરસ્વતી અને મા જગદંબાના આશીર્વાદ લઈ શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો અને મોંઢુ મીઠું કરાવવામાં આવ્યું. શાળામાં ભૌતિક સુવિધાઓમાં ભોજનશાળા, સ્મારકભવનના મેદાનો, અભ્યાસન શાળા મકાન, સ્માર્ટ વર્ગખંડો, પ્રદર્શન આર્ટ સ્ટુડિયો, અન્ય પ્રવૃત્તિઓ માટે



સભાગૃહ, કન્ટ્રોલ અને આઉટડોર રમતગમતની વ્યવસ્થા, કોમ્પ્યુટર લેબ, પ્રવૃત્તિ કક્ષ, ભાષા પ્રયોગશાળા, પુસ્તકાલય તેમજ વિદ્યાર્થીઓને સુનિયોજિત સ્ટેશનરી આપવામાં આવી છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે એમ.જે. નાકિયા (નાયબ કલેક્ટર પ્રાંત ઓફિસર-અમરેલી), મુકુંદભાઈ મહેતા (FRC કમિટીના સભ્ય), મંત્રી ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંત પેથાણી, સુપરવાઈઝરો સ્ટાફ તેમજ વાલીઓની ઉપસ્થિતિ રહી હતી.

# સાવરકુંડલામાં સોનાના ઘરેણાં સહિત રૂ.૧૪ લાખની મત્તાની ચોરી

સાવરકુંડલા, તા.૦૬

સાવરકુંડલામાં રહેતા એક પુરુષના ઘરમાં અજાણ્યા ઈસમો ત્રાટક્યા હતા અને સોના-ચાંદીના દાગીના સહિત કુલ ૩,૧૪,૫૩૮ રૂપિયાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે કિરીટભાઈ ખોડાજીભાઈ મકવાણા (ઉ.વ.૪૫)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ઘરે કોઈ અજાણ્યો ચોર ઈસમ તેમના ઘરના તાળા તોડી ઘરમાં ગેરકાયદે પ્રવેશ કરી ઘરમાં રાખેલા અલગ-અલગ સોના-ચાંદીના દાગીના કુલ રૂ.૨,૯૯,૫૩૮ તથા સાહેદ કલ્પેશભાઈ ચંન્દ્રકાંતભાઈ જાનીનું મોટર સાયકલ કિંમત રૂ.૧૫,૦૦૦ મળી કુલ રૂ.૩,૧૪,૫૩૮ની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયો હતો. ઉપરાંત સાહેદ પ્રતિકભાઈ સુરેશભાઈ પંડ્યાના રહેણાંક મકાને ચોરીનો પ્રયાસ કરી નાસી ગયો હતો.

# ગાંજાના કેસમાં નિર્દોષ છુટકારો કરાવતા એડવોકેટ ઉદયન ત્રિવેદી

બાબરા, તા.૦૬

બાબરા તાલુકાનાં શીરવાણીયા ગામની લીંબડીયા જવાના રસ્તે આવેલ સીમની વાડી કે ખેતર જેના જુના સ.નં.૪૦/૨ તથા નવા સ.નં. ૧૪૦ તથા ૧૪૧ વાળી માલીકીની જમીનમાં આ કામનાં આરોપીઓ વિઠ્ઠલભાઈ કાનજીભાઈ તલાવડીયા તથા રામજીભાઈ કાનજીભાઈ તલાવડીયા તથા પરશોતમભાઈ કાનજીભાઈ તલાવડીયાએ સાથે મળીને તેમની વાડીમાં ગેરકાયદેસર રીતે અફીણના/ ગાંજાનાં છોડનું વાવેતર કરેલ હોય અને તેમાંથી થયેલ અફીણનાં ડોડવા તેમની માલીકીની જમીનમાં સુકવેલા હોય આ કામે પોલીસે રેઈડ દરમિયાન ૩૮, ૫૪૦ અફીણનાં છોડવાઓ કે જેનું વજન ૧૪૬૦ કિલોગ્રામ થયેલ હતું તેમજ અફીણનું વજન ૩૨૫ ગ્રામ જેટલું થયેલ હતું,



તેમજ આ આરોપીઓના ઘરેથી પણ ૨૫૬ ગ્રામ અફીણ તથા ૬૬ ગ્રામ ગાંજો મળી જેની કુલ કિંમત રૂા. ૩૨,૭૪,૪૦૬/- (અંકે રૂપિયા બત્રીસ લાખ ચુમોતેર હજાર ચારસો છ પુરા) નો મુદ્દામાલ મળી આવતા પોલીસનાં હેડ કોન્સ. મધુભાઈ નથુભાઈ પોપટે તા.૦૬/૦૩/૨૦૨૧નાં રોજ બાબરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલી. ત્યારબાદ આ કેસ સ્પે. એનડીપીએસ કોર્ટમાં ચાલી જતાં આરોપીઓના વકીલ ઉદયનભાઈ ત્રિવેદીએ ધારદાર દલીલો રજૂ કરતા કોર્ટે આરોપીઓને છોડી મુકવાનો હુકમ કરેલ છે.

# માછલી પકડવા મેડી ડેમમાં ગયેલા સરંભડા ગામના યુવકનું ડૂબી જવાથી મોત

**અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.જે.ગોંડલીયા વધુ તપાસ હાથ ધરી**

અમરેલી, તા.૦૬

અમરેલીના સરંભડા ગામે રહેતો એક યુવક શેત્રુંજી નદી મેડી ડેમ પાસે માછલી પકડવા ગયો હતો. આ સમયે ડૂબી જવાથી તેનું મોત થયું હતું. બનાવ અંગે કલ્પેશભાઈ પાસાભાઈ વાઘેલા (ઉ.વ.૨૫)એ જાહેર કર્યા મુજબ, જયસુખભાઈ પાસાભાઈ વાઘેલા (ઉ.વ.૩૪) તરવડા ગામથી સરંભડા ગામ તરફ જતા રોડ પાસે આવેલી શેત્રુંજી નદીના મેડી ડેમ પાસે માછલી પકડવા ગયા હતા. ત્યારે કોઈપણ રીતે કોઈપણ સમયે ડેમના પાણીમાં પડી ડૂબી જવાથી મરણ પામ્યા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.જે.ગોંડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના નવા નિમાયેલા પી.આઈ વિજય કોલાદરાએ રોંગ સાઈડમાં વાહન ચલાવતાં ચાલકોને કાયદાનું ભાન કરાવ્યુ

રાજુલા, તા.૦૬

રાજુલા પોલીસ દ્વારા હિંડોરણાથી બારપટોળીનાં જવાના રસ્તા પર લોકો રોંગ સાઈડમાં જતા હોવાથી અકસ્માતની ઘટના બને છે. આ સમસ્યાને લઈ રાજુલાના નવા નિમાયેલા પી.આઈ વિજય કોલાદરાની સૂચનાથી રાજુલા પોલીસની ટીમ દ્વારા સ્પેશિયલ ડ્રાઈવ યોજવામાં આવી હતી અને રોંગ સાઈડમાં આવતા વાહનોને સ્થળ પર દંડ કરવામાં આવ્યો હતો. જેમાં સ્થળ દંડમાં કુલ ૨૯ પાવતી ફાડવામાં આવી હતી અને સ્થળ પર જ રૂપિયા ૧૦૪૦૦ નો દંડ રાજુલા પોલીસ દ્વારા વસૂલવામાં આવ્યો હતો. આવતા જતા



તસવીર : ગોપાલ રાઠોડ

તમામ વાહન ચાલકોને અકસ્માત ન બને તે માટે રોંગ સાઈડમાં ન ચાલે તેવું રાજુલા પોલીસની ટીમ દ્વારા લોકોને સમજાવવામાં પણ આવ્યું હતું. ઉપરોક્ત કામગીરીમાં રાજુલા પોલીસ સ્ટેશનના ટ્રાફિક ઈન્ચાર્જ વૈભવભાઈ સોલંકી તેમજ હેડ કોન્સ્ટેબલ નીરુભાઈ પરમાર, પોલીસ કોન્સ્ટેબલ નીતિનભાઈ, પોલીસ કોન્સ્ટેબલ વિજયભાઈ તેમજ ટીઆરબી જવાન હાર્દિકસિંહ ઠાકોર સહિતનો સ્ટાફ જોડાયો હતો.

# લાઠીના ભાલવાવ ગામની યુવતી ઘરેથી ચાલી નીકળી

**પરિવાર દ્વારા પોલીસમાં ફરિયાદ કરાઈ**

દામનગર, તા.૦૬

લાઠીના ભાલવાવ ગામે રહેતી એક યુવતી ઘરેથી ચાલી નીકળી હતી. જેની શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરી હતી. બનાવ અંગે રેખાબેન મોહનભાઈ ગોહીલ (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી સેજલબેન (ઉ.વ.૧૯) ઘરેથી કોઈને જાણ કર્યા વગર પોતાની મેળે ક્યાંક જતી રહી હતી અને આજ સુધી તપાસ કરવા છતાં મળી આવી નહોતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી.આર.ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદમાંથી દર્દીના જીવ સાથે ચેડાં કરતો બોગસ તબીબ ઝડપાયો

જાફરાબાદ, તા.૦૬

જાફરાબાદમાં પોલીસે દર્દીના જીવ સાથે રમત રમતાં બોગસ તબીબને ઝડપી લીધો હતો. તેની પાસેથી ૨૨,૯૬૬ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

જાફરાબાદ સીએચસીના મેડીકલ ઓફિસર ડૉ. સાગરભાઈ નાગજીભાઈ જાળોંધરા (ઉ.વ.૨૪)એ મૂળ ખેડાના અને હાલ જાફરાબાદ લાઈટ હાઉસ રોડ પર રહેતા આરીફ હુસેન ફરીદમીયા મલેક (ઉ.વ.૪૫) સામે ફરિયાદ નોંધાવી છે કે, કોઈપણ સરકાર માન્ય એલોપેથીક સારવાર કરવા માટેની ડિગ્રી વગર કલીનીક ચલાવી દર્દીઓ પાસેથી ફી વસૂલી સારવાર આપી, પૈસા વસૂલ કરી ડોકટરની રજી.મેડીકલ પ્રેકટીશનરને લગતી ડિગ્રી ન હોવા છતાં એલોપેથીક દવાઓ આપી લોકોના જીવ સાથે ચેડાં કરતો હતો. આરોપી પાસેથી કુલ રૂા.૨૨,૯૬૬.૭ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.આર. ઝાલા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: ચતુર્થી
તા. ૦૭-૧૦-૨૦૨૪, સોમવાર, સૂર્યોદય-૦૬:૧૬,
સૂર્યાસ્ત-૦૬:૦૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: અનુરાધા

## દૈનિક રાશિફળ

તા.૦૭-૧૦-૨૦૨૪ સોમવાર

મેષ: આજનો દિવસ સંતોષપૂર્ણ અને શાંતિપૂર્ણ બની રહી શકે છે. રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે.

વૃષભ: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ તમને મળશે.

મિથુન: તમારે કડવાશને મીઠાશમાં રૂપાંતરિત કરવાની કળા શીખવી પડશે. તમને તમારા જીવનસાથી તરફથી સહયોગ મળશે.

કર્ક : આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં વિતાવશો. વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલી સમસ્યા સમાપ્ત થઈ જશે.

સિંહ: આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે.

કન્યા : આજે તમારો દિવસ મિશ્રિત રહેશે, પરંતુ સ્વાસ્થ્ય નરમ રહેશે. કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને તમારે અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે.

તુલા: આજે કોઈ કિંમતી વસ્તુની ચોરીનો ભય રહેશે. બાળકોના શિક્ષણમાં અથવા કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચારોને લીધે મનમાં આનંદ થશે.

વૃશ્ચિક: આજે વૃશ્ચિક રાશિના લોકોએ તેમના સ્વાસ્થ્યનું વધુ ધ્યાન રાખવું પડશે. વાયુ વિકારની ફરિયાદો હોઈ શકે છે.

ધન: આજે તમારી આસપાસ કોઈ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે.

મકર: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે.

કુંભ :આજે તમને ભાગ્યનો સહયોગ મળશે. રોજગાર-વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાત્મક સફળતા પ્રાપ્ત થશે.

મીન : આજની સ્થિતિમાં મન વિચલિત રહી શકે છે. આવકના નવા સ્ત્રોત સર્જાશે પરંતુ માનસિક મૂંઝવણને કારણે તમે લાભથી વંચિત રહી શકો છો.

# લીલીયાના ઉમિયા માતાજી મંદિરે ૧૨મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

અમરેલી, ૦૬

સામાજિક પ્રવૃત્તિ અંતર્ગત અંધત્વ નિવારણ દૂર કરવાના હેતુસર લીલીયા મોટાના શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટના ઉપક્રમે તેમજ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), ભૂરખીયા ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ સુદર્શન નેત્રાલય અમરેલી અને રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી વિનામૂલ્યે નેત્ર નિદાન અને



નેત્રમણી આરોપણ કેમ્પ લીલીયા મોટા ખાતે ૦૩-૧૦-૨૦૨૪ના રોજ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પનું દીપ પ્રાગટ્ય શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ બાબુભાઈ ધામત દ્વારા કરવામાં આવેલ હતું અને તેમણે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ને અંધત્વ નિવારણ અંગેની પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી અને આ કેમ્પનો વધુમાં વધુ દર્દીઓએ લાભ લેવા અપીલ કરી હતી. આંખના રોગ જેવા કે મોતિયો, જામર, વેલ, પરવાળા, ત્રાંસી આંખ, કીકી, પડદા તથા આંખના અન્ય રોગોની તપાસ નિષ્ણાત ડૉ. કાનનબેન સેદાણી અને તેની ટીમ દ્વારા કરવામાં આવેલ હતી. જરૂરિયાતમંદ દર્દીઓને અમરેલીના સુદર્શન નેત્રાલયમાં લાવીને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી બેસાડી આપેલ છે.

# લાઠીના માલવિયા પીપરીયાના ગામની પરિણીતાને અમદાવાદમાં સાસરિયાએ ત્રાસ આપ્યો

લાઠી, તા.૦૬

લાઠીના માલવીયા પીપરીયા ગામે રહેતી પરિણીતાને અમદાવાદમાં રહેતા સાસરિયા કનડગત કરતા હતા. સાસરિયાનો સિતમ મુંગા મોઢે સહન કર્યા બાદ પરિણીતાએ પિયર ફરીને પોલીસ ફરિયાદ નોંધાવી હતી. રૂજલબેન કનુભાઈ માલવીયા (ઉ.વ.૨૭)એ અમદાવાદના નિકોલમાં રહેતા પતિ સંજયભાઈ જયસુખભાઈ આકોલીયા, સાસુ ગીતાબેન જયસુખભાઈ આકોલીયા, સસરા જયસુખભાઈ વિરજીભાઈ આકોલીયા, જેઠ લક્ષ્મણભાઈ જયસુખભાઈ આકોલીયા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપીએ તેમને લગ્ન બાદ છ મહિના સારી રીતે રાખી હતી. ત્યારબાદ પતિ તથા સાસુ, સસરા તથા જેઠ નાની નાની વાતોમાં મેણાં ટોણાં તથા તેમને જેમ ફાવે તેમ ગાળો આપતા હતા. તેમજ શારીરિક માનસીક દુ:ખત્રાસ આપ્યો હતો. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.એલ.ખેર વધુ તપાસ કરી રહ્યા છે.


**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૬૫ /૨૦૨૪

અરજદાર: શ્રી ભાણીબેન રામાભાઈ વાઘેલા
સરનામુ: મું.વઢેરા, તા. જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, વઢેરા
મું. વઢેરા, તા. જાફરાબાદ,જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વઢેરા** ગામના **શ્રી ભાણીબેન રામાભાઈ વાઘેલા** એ તેમના **પુત્ર નામે શ્રી બીજલભાઈ રામાભાઈ વાઘેલાનો જન્મ** તા.૧૫/૦૯/૧૯૯૦ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી નરેશભાઈ એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે ઓકટોમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૩/૧૦/૨૦૨૪**

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૬૦ /૨૦૨૪

અરજદાર: શ્રી બાબુભાઈ રત્નાભાઈ સોલંકી
સરનામુ: મું.ગોલ્ડન સોસાયટી, પીપળી કાંઠા જાફરાબાદ તા. જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને ચીફ ઓફિસરશ્રી,નગરપાલીકા
મું.જાફરાબાદ, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી બાબુભાઈ રત્નાભાઈ સોલંકી** એ તેમના **બહેન નામે શ્રી સોલંકી કાળુબેન રત્નાભાઈ નો જન્મ** તા.૦૧/૦૬/૧૯૬૬ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આઈ.આઈ.ગાહા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે ઓકટોમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૩/૧૦/૨૦૨૪**

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૬૨ /૨૦૨૪

અરજદાર: શ્રી માણેકબેન ભીખાભાઈ બાંભણીયા
સરનામુ: મું.વઢેરા, તા. જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, વઢેરા
મું. વઢેરા, તા. જાફરાબાદ,જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વઢેરા** ગામના **શ્રી માણેકબેન ભીખાભાઈ બાંભણીયા** એ તેમની **પુત્રી નામે શ્રી સમજુબેન ભીખાભાઈ બાંભણીયા નો જન્મ** તા.૦૯/૧૨/૨૦૦૨ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આઈ.આઈ.ગાહા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે ઓકટોમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૩/૧૦/૨૦૨૪**

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

તંત્રી લેખ

# આરએસએસ શતાબ્દી મહોત્સવનો પ્રારંભ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ૧૦૦ વર્ષ પૂરા થશે.૨૦૨૫ માં તેનો શતાબ્દી મહોત્સવ શરૂ થશે ત્યારે રાષ્ટ્રની એકતા માટે તે પ્રતિબદ્ધ છે.

આપણા દેશમાં કોઈપણ શતાબ્દી વર્ષ ફેસ્ટિવલ રૂપે ઉજવવામાં આવે છે પરંતુ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સંગઠિત મજબૂત અને શિસ્તબદ્ધ હિન્દુ સમાજનું નિર્માણ કરવા માટે સક્રિય કાર્ય કરીને આગામી વર્ષને આરએસએસ ના શતાબ્દી વર્ષ તરીકે ઉજવશે. તૈયાર રહેવું અત્યંત જરૂરી છે આજે હિન્દુ સમાજ સામે અનેક પડકારો ઊભા થયા છે આ પડકારો રાષ્ટ્રની અંદરના છે. સરહદ પારના પડકારોને ભારત સરકાર કડકાઈથી નેસ્તનાબૂદ શકે છે. પરંતુ જ્યારે ઘરમાં જ રહેલા છુપા દુશ્મનોએ રાષ્ટ્ર સામે નવા પડકારો ઉભા કર્યા છે. જેને ભરી પીવા માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કાર્યરત બની રહ્યું છે. સંઘના વડા મોહન ભાગવતે જણાવ્યુ કે RSS શતાબ્દી વર્ષનો હેતુ શિસ્તબદ્ધ મજબૂત હિન્દુ સમાજના સર્જનનો છે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એક ભારતીય દક્ષિણપંથી (જમણેરી) વિચારધારા ધરાવતી, હિન્દુ રાષ્ટ્રવાદી, સ્વયંસેવકોની સંસ્થા છે. ૨૧મી સદીમાં, તે સભ્યપદની દ્રષ્ટિએ વિશ્વની સૌથી મોટી અને સૌથી વધુ દક્ષિણપંથી (જમણેરી) સંસ્થા છે. તે એક મોટા સંગઠનોનું મૂળ છે તેમજ તેમનું નેતૃત્વ કરે છે, જેને સંઘ પરિવાર તરીકે ઓળખવામાં આવે છે. ભારતીય સમાજની બધી જગ્યાએ સંઘ પરિવારે તેમની હાજરી વિકસાવી છે, જેમાં ભારતીય જનતા પાર્ટી, કે જે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સત્તારૂઢ રાજકીય પક્ષ સામેલ છે. આર.એસ.એસ. ના સરસંઘચાલક માર્ચ, ૨૦૦૯થી મોહન ભાગવત છે.૨૭ સપ્ટેમ્બર, ૧૯૨૫ના રોજ સ્થપાયેલી આ સંસ્થાની શરૂઆતની પ્રેરણા હિંદુ સમુદાયને એકતાંતણે બાંધવા અને હિન્દુ રાષ્ટ્રની સ્થાપના કરવા માટે ચારિત્ર્ય તાલીમ પૂરી પાડવાની અને "હિન્દુ શિસ્ત" કેળવવાની હતી. આ સંગઠનનો હેતુ હિન્દુ સમુદાયને "મજબૂત" બનાવવા માટે હિન્દુત્વની વિચારધારાનો ફેલાવો કરવાનો છે અને ભારતીય સંસ્કૃતિ અને તેના સભ્યતાના મૂલ્યોને જાળવવાના આદર્શને પ્રોત્સાહન આપવાનો છે. બીજી તરફ, આર.એસ.એસ. ને "હિન્દુ સર્વોપરિતાના આધાર પર સ્થાપિત" તરીકે વર્ણવવામાં આવ્યું છે અને તેના પર લઘુમતીઓ વિરોધી (ખાસ કરીને મુસ્લિમ સમુદાય) પ્રવૃત્તિઓની અસહિષ્ણુતાનો આરોપ મૂકવામાં આવ્યો છે. સંઘનો મુખ્ય ઉદ્દેશ તેના કાર્યકરો દ્વારા હિંદુ સમાજની ધરોહરની રક્ષા અને હિંદુ સમાજમા એકતા દ્વારા રાષ્ટ્રઘડતર છે. આ ઉપરાંત સંઘ તેના કાર્યકરોમાં શિસ્ત, નીડરતા, વીરતા અને નિઃસ્વાર્થ સમાજસેવા જેવા ગુણો દ્વારા સમાજ અને રાષ્ટ્ર સેવાનો છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે તેની સ્થાપનાથી અત્યાર સુધી અનેકવીધ આંદોલનો અને ચળવળોમાં ભાગ લીધો છે. હિંદુ સમાજમાં અસ્પૃશ્યતાના દુષણ સામે તથા સ્વદેશી માલ-સામાન ખરીદવાના અભિયાન સતત ચલાવે છે જ્યારે રામજન્મભૂમી મુક્તિ, કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ દુર કરવા માટે ,ગોઆને પોર્ટુગીઝ શાસનમાથી મુક્ત કરાવવાના આંદોલનોમા સંઘ અને તેના કાર્યકરોએ સક્રીય ભાગ ભજવ્યો હતો. ૧૯૬૨ના ચીન સાથેના તથા ૧૯૬૫ અને ૧૯૭૧ના પાકિસ્તાન સાથેના યુધ્ધ દરમ્યાન દેશની આંતરિક સુરક્ષાના પ્રયાસોમાં તેનો ફાળો આપ્યો હતો. દેશમાં જ્યારે પણ ધરતીકંપ, પૂર, દુકાળ અને ત્સુનામી જેવી આફતો આવે ત્યારે સંઘ અને તેના કાર્યકરો અસરગ્રસ્તોની સેવામા અને રાહતકાર્યોમાં સહયોગ આપે છે.૧૯૪૭માં આર.એસ.એસ. પર ચાર દિવસનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, અને પછી ત્રણ વખત આઝાદી પછીની ભારત સરકારે તેના પર પ્રતિબંધ મૂક્યો હતો. પ્રથમ વખત ૧૯૪૮માં જ્યારે આરએસએસના ભૂતપૂર્વ સભ્ય નાથુરામ ગોડસેએ મહાત્મા ગાંધીની હત્યા કરી હતી ત્યારે; પછી કટોકટી દરમિયાન (૧૯૭૫-૧૯૭૭); અને ૧૯૯૨ માં બાબરી મસ્જિદના ધ્વંસ પછી ત્રીજી વખત. બ્રિટિશ વસાહત વખતે આર.એસ.એસ.એ બ્રિટિશ રાજનો સહયોગ કર્યો હતો. જોકે આરએસએસના કેટલાક વ્યક્તિગત સભ્યોએ સ્વતંત્રતા ચળવળમાં ભાગ લીધો હતો પણ તેને બાદ કરીને ભારતીય સ્વતંત્રતા ચળવળમાં મુખ્યત્વે એક સંગઠન/સંસ્થા તરીકે કોઈ ભૂમિકા ભજવી ન હતી.

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે ગણિતનું માર્ગદર્શન

પ્રિય વિદ્યાર્થીમિત્રો,

આજના અંકમાં તમામ પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષામાં ગણિતનાં પૂછાતા જટીલ પ્રશ્નો ફકત દસ-વીસ સેકન્ડમાં જવાબ મેળવી શકાય તેવી શોર્ટકટ કી શીખીશું. થોડા મહાવરાનાં અંતે આ શોર્ટકટ રીતો આત્મસાત કરી શકાય છે.

(૧) $\frac{1}{5\times6}+\frac{1}{6\times7}+\frac{1}{7\times8}+\cdots+\frac{1}{14\times15}=?$

Trick : $\frac{1}{\text{અંતર}}\left[\frac{1}{\text{પ્રથમ પદ}}-\frac{1}{\text{છેલ્લુપદ}}\right]$

અહીં અંતર(તફાવત)= 6-5=1 પ્રથમપદ=5 અંતિમપદ=15

$\frac{1}{1}\left[\frac{1}{5}-\frac{1}{15}\right]=1\left[\frac{3-1}{15}\right]=1\times\frac{2}{15}=\boxed{\frac{2}{15}}$

(૨) $\frac{1}{4\times7}+\frac{1}{7\times10}+\frac{1}{10\times13}+\cdots+\frac{1}{16\times19}+\frac{1}{19\times22}=?$

અહીં અંતર(તફાવત)= 7-4=3 પ્રથમપદ=4 અંતિમપદ=22

$\frac{1}{3}\left[\frac{1}{4}-\frac{1}{22}\right]=1/3\left[\frac{11-2}{44}\right]=\frac{1}{3}\times\frac{9}{44}=\boxed{3/44}$

(૩) $\frac{1}{20}+\frac{1}{30}+\frac{1}{42}+\cdots+\frac{1}{132}=?$

$=\frac{1}{4\times5}+\frac{1}{5\times6}+\frac{1}{6\times7}+\cdots+\frac{1}{11\times12}$

મિત્રો, આવી ગયું ને મૂળ સ્વરૂપ

$=\frac{1}{1}\left[\frac{1}{4}-\frac{1}{12}\right]=1\left[\frac{3-1}{12}\right]=\boxed{\frac{1}{6}}$

(૪) $\frac{1}{3\times5\times7}+\frac{1}{5\times7\times9}+\frac{1}{7\times9\times11}+\frac{1}{9\times11\times13}+\frac{1}{11\times13\times15}=?$

અહીં અંતર = 7-3=4 પ્રથમપદ= 3x5=15

છેલ્લું પદ =13x15 = 195

$=\frac{1}{4}\left[\frac{1}{15}-\frac{1}{195}\right]=\frac{1}{4}\left[\frac{13-1}{195}\right]=\frac{1}{4}\times\frac{12}{195}=\boxed{\frac{1}{65}}$

(૫) $\frac{5}{2^2\times3^2}+\frac{7}{3^2\times4^2}+\frac{9}{4^2\times5^2}+\cdots+\frac{39}{19^2\times20^2}=?$

અહીં અંતર=3-2=1 પ્રથમપદ=$2^2$=4 અંતિમપદ=$10^2$=100

$\frac{1}{1}\left[\frac{1}{4}-\frac{1}{400}\right]=1\left[\frac{100-1}{400}\right]=1\times\frac{99}{400}=\boxed{\frac{99}{400}}$

(૬) $\frac{1}{11}+\frac{1}{2}+\frac{1}{6}+\frac{1}{12}+\cdots+\frac{1}{90}+\frac{1}{110}=?$

અહીં પહેલાપદને અલગ રાખીશું.

$\frac{1}{11}+\left[\frac{1}{1\times2}+\frac{1}{2\times3}+\frac{1}{3\times4}+\cdots+\frac{1}{9\times10}+\frac{1}{10\times11}\right]$

$\frac{1}{11}+\left[\frac{1}{1}\left\{\frac{1}{1}-\frac{1}{11}\right\}\right]=\frac{1}{11}+\left[1\times\frac{10}{11}\right]=\frac{1}{11}+\frac{10}{11}=\boxed{01}$

(૭) બીજી એક રીત જોઈએ.

$(1+1/7)(1+1/8)(1+1/9)(1+\frac{1}{10})(1+\frac{1}{11})(1+\frac{1}{12})(1+\frac{1}{13})=?$

અહીં લ.સા.અ. લઈ પહેલા સાદુરૂપ આપીએ

$=\frac{8}{7}\times\frac{9}{8}\times\frac{10}{9}\times\frac{11}{10}\times\frac{12}{11}\times\frac{13}{12}\times\frac{14}{13}=\frac{14}{7}=\boxed{02}$

Short Trick : $\frac{\text{અંતિમ સંખ્યાનો અંશ}}{\text{પ્રથમ સંખ્યાનો છેદ}}=\frac{14}{7}=\boxed{02}$

8. (1-1/2) (1-1/3) (1-1/4) (1-1/5) ......... (1-1/ઠ) = ?

$\frac{1}{2}\times\frac{2}{3}\times\frac{3}{4}\times\frac{4}{5}\times\cdots\cdots\times\frac{ઠ-1}{ઠ}=1/ઠ$

Short trick : $\frac{\text{પ્રથમ સંખ્યાનો અંશ}}{\text{છેલ્લી સંખ્યાનો છેદ}}=\boxed{\frac{1}{ઠ}}$

મિત્રો કૌંસમાં આપેલ સરવાળા અને બાદબાકી બંનેનાં સૂત્રોમાં ફેર છે. હવે આપણે દ્વિઘાત સમીકરણની મદદથી ઉકેલી શકાતા દાખલાની એક અતી શોર્ટકટ કી જોઈશું.

(૯) 56 રૂા.માં એક પેન વેચવાથી મૂળ કિંમત જેટલા ટકા નફો થયો હોય તો પેનની મૂળ કિંમત શોધો.

trick : વેંચાણ કિંમતનાં એવા બે ભાગ પાડો કે સરવાળો કે બાદબાકી 10 થાય. નાની સંખ્યાને 10 વડે ગુણો મળતી સંખ્યા આપણો જવાબ છે.

અહીં 56 નાં બે ભાગ પાડીએ જેની બાદબાકી 10 થાય છે.

56=14x4 14-4=10

નાની સંખ્યા 04 છે. 4x10= $\boxed{40}$ રૂા. જવાબ

(૧૦) એક પેન 16 રૂા.માં વેચવાથી મૂળકિંમત જેટલા ટકા ખોટ જાય છે તો પેનની પડતર કિંમત શોધો.

અહીં 16 ના બે ભાગ પાડીએ જેનો સરવાળો 10 થાય છે.

16= 8x2 8+2=10

**કારકિર્દી માર્ગદર્શન**
- અમરેલી ગણિત વર્તુળ
આર.વી. વિસાવળિયા
રાજ્ય-રાષ્ટ્રીય એવોર્ડ
વિનર આચાર્ય
મો. ૯૪૨૭૫ ૫૭૦૫૦

નાની સંખ્યા 2 છે 2x10= $\boxed{20}$ જવાબ

● ટકાવારીમાં મૂળ કિંમત અને વેંચાણકિંમતાનાં દાખલાઓ પણ શોર્ટકટની રીતે ગણી શકાય.

(૧૧) જો કોઈ વસ્તુની મૂળકિંમતનાં 5 ગણા તેની વેંચાણ કિંમતનાં 4 ગણા બરાબર છે તો નફાનું પ્રમાણ કેટલા ટકા કહેવાય ?

Trick : $\frac{m-v}{v}\times100$ તેથી $\frac{5-4}{4}\times100=\boxed{25\%\ \text{નફો}}$

(૧૨) 8 ખુરશીની વેંચાણ કિંમત 9 ખુરશીની મૂળકિંમત જેટલી હોય તો કેટલા ટકા નફો થાય ?

Trick : $\frac{m-v}{v}\times100$ $\frac{9-8}{8}\times100=1/8\times100=\boxed{12.5\%\ \text{નફો}}$

મિત્રો કિમી/કલાકનાં દાખલાઓમાં પણ શોર્ટકટની રીતનો ઉપયોગ કરી શકાય.

(૧૩) અજય 5 કિમી/કલાકની ઝડપે ચાલીને રેલ્વે સ્ટેશને પહોંચે છે. તો 7 મીનીટ માટે ટ્રેન ચૂકી જાય છે. જો 6 કિમી/કલાકની ઝડપે જાય તો 8 મીનીટ વહેલો પહોંચી જાય છે. તો ઘરથી રેલ્વે સ્ટેશનનું અંતર શોધો.

અહીં $t_1-t_2$ = 7+8= 15 મીનીટ સમય $t=\frac{\text{અંતર}}{\text{ઝડપ}}=\frac{d}{S}$

ધારો કે ઘરથી સ્ટેશનનું અંતર = ઠ કિમી

$\frac{d1}{S1}-\frac{d2}{S2}=15$ તેથી $\frac{ઠ}{5}-\frac{ઠ}{6}=1/4$ કલાક (15 મીનીટ = 1/4કલાક)

તેથી ઠ= $\frac{30}{4}=\boxed{7.5\ \text{કિમી}}$

મિત્રો, આવા જ ઘાત-ઘાતાંકમાં પૂછાતા જટીલ દાખલાઓ ગણવાનો પ્રયત્ન કરીએ.

(૧૪) $2^{60}, 3^{48}, 4^{36}, 5^{24}$ માં સૌથી મોટી સંખ્યા કઈ ?

અહીં સૌ પ્રથમ 60, 48, 36 અને 24 નો ગુ.સા.અ. 12 લઈશું. (ઘાતાંક)

* $2^{60}=(2^5)^{12}=32^{12}$
* $3^{48}=(3^4)^{12}=81^{12}$
* $4^{36}=(4^3)^{12}=64^{12}$
* $5^{24}=(5^2)^{12}=25^{12}$

તેથી $25^{12}<32^{12}<64^{12}<81^{12}$

તેથી $81^{12}$ સૌથી મોટી સંખ્યા

$81^{12}=\boxed{3^{48}}$ જવાબ સૌથી મોટી

(૧૫) $\sqrt[6]{12}, \sqrt[3]{4}, \sqrt[4]{5}, \sqrt[4]{6}$ માં સૌથી નાની સંખ્યા કઈ ?

અહીં સૌ પ્રથમ 6, 3 અને 4 નો લ.સા.અ. 12 લઈશું.(ઘાતમૂળ)

* $\sqrt[6]{12}=\sqrt[12]{12^2}=\sqrt[12]{144}$

તેથી $\sqrt[12]{125}<\sqrt[12]{144}<\sqrt[12]{216}<\sqrt[12]{256}$

* $\sqrt[3]{4}=\sqrt[12]{4^4}=\sqrt[12]{256}$ તેથી $\sqrt[12]{125}$ સૌથી નાની સંખ્યા છે.

$\sqrt[4]{5}=\sqrt[12]{5^3}=\sqrt[12]{125}$ $\sqrt[12]{125}=\boxed{\sqrt[4]{5}}$ સૌથી નાની જવાબ

$\sqrt[4]{6}=\sqrt[12]{6^3}=\sqrt[12]{216}$

(૧૬) $\sqrt{7\sqrt{7\sqrt{7\sqrt{7}}}}=?$ Trick : $7^{\frac{2^4-1}{2^4}}$ $\boxed{=\sqrt{7^{\frac{15}{16}}}}$

મિત્રો, ઘડિયાળનાં મીનીટનાં કાંટા અને કલાકનાં કાંટા વચ્ચે રચાતા ખૂણા વિશેનાં પ્રશ્નો પણ આવી સ્પર્ધાત્મક પરીક્ષામાં પૂછાય છે.

(૧૭) 10 અને 38 મીનીટે ઘડિયાળના બે કાંટા વચ્ચેના ખૂણાનું માપ જણાવો.

Trick : બે કાંટા વચ્ચેનો ખુણો $=\left|\frac{11m-60H}{2}\right|$ જયાં m= મીનીટ H=કલાક

$=\left|\frac{11(38)-60(10)}{2}\right|=\left|\frac{418-600}{2}\right|=\left|\frac{182}{2}\right|=\boxed{91^\circ}$

(૧૮) બરાબર 5 વાગ્યે ઘડિયાળનાં બે કાંટા વચ્ચેનાં ખુણાનું માપ જણાવો

$=\left|\frac{11(0)-60(5)}{2}\right|=\left|-\frac{300}{2}\right|=\boxed{150^\circ}$

મિત્રો, નીચે આપેલા આવા જ વિવિધ રીતનાં દાખલા ગણવાનો પ્રયત્ન કરો. જવાબ આવતા અંકમાં આપવામાં આવશે.

(૧) $\frac{1}{1\times2}+\frac{1}{2\times3}+\frac{1}{3\times4}+\frac{1}{4\times5}+\cdots+\frac{1}{15\times16}=?$

(૨) $\frac{1}{3\times5}+\frac{1}{5\times7}+\frac{1}{7\times9}+\cdots+\frac{1}{17\times19}=?$

(૩) $1/6+\frac{1}{12}+\frac{1}{20}+\frac{1}{30}+\frac{1}{42}+\frac{1}{56}+\frac{1}{72}=?$

(૪) $\frac{1}{1\times2\times3}+\frac{1}{2\times3\times4}+\frac{1}{3\times4\times5}+\cdots+\frac{1}{19\times20\times21}=?$

(૫) $\frac{3}{1^2\times2^2}+\frac{5}{2^2\times3^2}+\frac{7}{3^2\times4^2}+\cdots+\frac{19}{9^2\times10^2}=?$

(૬) 4 અને 45 મીનીટે ઘડિયાળનાં બે કાંટા વચ્ચેનાં ખુણાનું માપ જણાવો.

(૭) $(1+\frac{1}{14})(1+\frac{1}{15})(1+\frac{1}{16})\cdots\cdots(1+\frac{1}{20})=?$

(૮) 144 રૂા.માં એક બાલદી વેચવાથી મૂળકિંમત જેટલા ટકા નફો થાય છે તો બાલદીની મૂળકિંમત શોધો.

(૯) એક ફૂલદાની 96 રૂા. માં વેચતા મૂળકિંમત જેટલા ટકા નફો થયો હોય તો ફૂલદાનીની મૂળકિંમત શોધો.

(૧૦) 12 પેનની વેચાણકિંમત 15 પેનની મૂળકિંમત જેટલી રાખવામાં આવે તો આ વેપારમાં કેટલા ટકા નફો થાય ?

(૧૧) જો કોઈ વસ્તુની મૂળકિંમતનાં 8 ગણા તેની વેચાણકિંમતનાં 6 ગણા બરાબર છે. તો નફાનું પ્રમાણ કેટલા ટકા કહેવાય ?

(૧૨) $3^{50}, 4^{40}, 5^{30}$ અને $6^{20}$ માં સૌથી નાની સંખ્યા કઈ છે ?

(૧૩) $\sqrt{2}, \sqrt[3]{3}, \sqrt[4]{5}$ અને $\sqrt[3]{2}$ માં સૌથી મોટી સંખ્યા કઈ ?

(૧૪) $\sqrt{2\sqrt{2\sqrt{2\sqrt{2\sqrt{2}}}}}=?$

(૧૫) (1-1/5) (1-1/6) (1-1/7)...................... (1-1/28) = ?

:: ગયા અંકનાં જવાબો ::

1.32 દિવસ 2. 6.67 દિવસ 3. 5 દિવસ 4. 20 દિવસ 5. 8 દિવસ 6. 42 દિવસ 7. 7 દિવસ 8. 180 રૂા. 9. 16 રૂા. 10. 45 દિવસ.

# સમય બદલાય એમ સ્વભાવ, સાથ અને સહકાર બદલાય છે




આપણે સૌ જાણીએ છીએ કે સમય હંમેશા પરિવર્તનશીલ છે અને આ જગતમાં દરેક વસ્તુ કાયમી નથી. જેનું નામ છે એનો નાશ નક્કી છે. જડ, ચેતન બધું બદલાતું રહે છે. આરંભ અને અંતની વચ્ચેની ઘટમાળ એટલે જીવન. આ સૃષ્ટિના દરેક જીવને પોત પોતાની આગવી લાક્ષણિકતા હોય છે અને એ લાક્ષણિકતાને કારણે દરેકની અલગ અલગ ઓળખ હોય છે. એમાંય ખાસ કરીને મનુષ્યની વાત કરીએ તો દરેક વ્યક્તિ કોઈ ચોક્કસ સમુદાય સાથે જોડાયેલ હોય છે. આ સમુદાયને સમાજ, જાતિ અને ધર્મ તરીકે ઓળખવામાં આવે છે. જે વ્યક્તિના વિચારો, લક્ષણો અને વર્તનને અસર કરે છે.અને વ્યક્તિના વિચારો,વર્તન અને લક્ષણ જેતે સમુદાયની એક અલગ છાપ ઊભી કરે છે. સમય સાથે આ વ્યવસ્થાઓ અને વિચારસરણી પણ બદલાતા રહે છે. જેમકે લાખો વર્ષ પહેલાં આદિ માનવનું જીવન અને હાલના અર્વાચીન યુગના આધુનિક માનવનું જીવન,આ બન્નેની સરખામણી કરીએ તો ખ્યાલ આવશે કે માણસના જીવનમાં ધરખમ ફેરફાર થયા છે.જે સમય સાથે ક્રમશઃ બદલાતા બદલાતા આજની પરિસ્થિતિ મુજબના જોવા મળે છે. પરિવર્તનની આ યાત્રા સમય સાથે ધીમી અને લાંબા ગાળાની હોય છે. ઘણીવાર આ પરિવર્તન નરી આંખે દેખી શકાય નહિ એ પ્રકારના હોય છે. સમય બદલાય તેમ માણસના સ્વભાવ અને વર્તન બદલાતા હોય છે. જેમ કે આજનો પુખ્ત વયનો વ્યક્તિ બાળપણમાં નિખાલસ અને રમતિયાળ સ્વભાવ ધરાવતો હોય છે. મિત્રોની ટોળી સાથે ધીંગામસ્તી કરનાર બાળક સમય જતાં કિશોર અવસ્થામાં શરમાળ અને લાગણીશીલ તેમજ અભ્યાસમાં વધુ ધ્યાન રાખનાર ગંભીર સ્વભાવ ધારણ કરે છે. એનાથી થોડો ઉંમરલાયક થતાં યુવાન બને છે ત્યારે સાહસિક બની જાય છે.' ઘટમાં ઘોડા થનગને ને આતમ વિંઝે પાંખ,અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ'' કહેવતની જેમ મહત્વકાંક્ષી અને દ્રઢ નિર્ધાર સાથે કૈક કરવા ઉત્સુક બની જાય છે.જે માતા પિતાની છત્ર છાયામાં હંમેશા સેફ ઝોનમાં રહેવાનું પસંદ કરનાર બાળક યુવાનીની પાંખો ફૂટતા જ પોતાના સપનાઓ સાકાર કરવા માટે દેશ પરદેશમાં અભ્યાસ અને વ્યવસાય કરવા તત્પર અને તૈયાર થઈ જાય છે.આ બદલાવ સમયની સાથે ઉંમરનો હોય છે. ઘરનો ઉંબરો માંડ ઓળંગનાર ભૂતકાળનું બાળક ભવિષ્યમાં યુવાન અવસ્થામાં આકાશમાં ઉડનાર આઝાદ પંખી બની જાય છે. આજ બાળકના માતા પિતાના સ્વભાવમાં એનાથી વિપરીત બદલાવ હોય છે એની સામે કંઈ બોલી શકતા નથી. પોતાની પરમિશન વિના બહાર પગલું ના ભરી શકનાર માતા પિતાને વૃદ્ધાવસ્થામાં ક્યાંક જવા આવવા માટે એજ સંતાનોની રજા લેવી પડે છે! સમયની બલિહારી તો જુઓ. આપણો સમય હોય ત્યારે સૌ માન સન્માન અને સાથ સહકાર આપતા હોય છે. સારા સમયમાં તમને સલામ કરનાર સમય બદલાતા તમને સાઈડ લાઈન કરીને ચાલતી પકડતા હોય છે. સમય એક એવું હથિયાર છે જે ભલભલા વ્યક્તિઓના સ્વભાવ બદલી નાખે છે. શાણા માણસો ખુદ સમય પારખીને પોતાના સ્વભાવ બદલી નાખે છે અને જે લોકો સમય મુજબ થતાં ફેરફારના ઢાંચામાં યોગ્ય રીતે ફિટ થઈ શકતા નથી તેઓ સમયના પ્રભાવમાં ઓટોમેટિક હિટ થઈ જાય છે. કોઈનો સારો સમય હોય ત્યારે સતત એમની આજુબાજુ રહીને એમની જી હા કરનાર વ્યક્તિ તેનો સમય બદલાય એટલે એક ઝાટકે સાથ છોડી દે છે તેમાં તેનું સ્વર્થીપણું છતું થાય છે. ઘેઘૂર લીલાછમ વૃક્ષ પર આશરો લેનાર પક્ષીઓ સમય જતાં વૃક્ષમાં પાનખર આવે ત્યારે ત્યાંથી ઊડી જતાં હોય છે. જેને તમે રાત દિવસ તન મનથી સમર્પિત હોવ અને હંમેશા એનો પડ્યો બોલ ઝીલતા હોય તેવી સક્ષમવ્યક્તિઓ પણ તમારી મુશ્કેલીમાં તમને સાથ દેવાના બદલે પોતાના સ્વાર્થ ખાતર તમારું શોષણ કરવા લાગે છે. આ જગતમાં એવી વિરલ વ્યક્તિ મળવી મુશ્કેલ છે કે જે તમને, તમારા બદલાયેલ સમયને અને તમારી મુંઝવણને સમજીને તમને સાઠ સહકાર આપેપબાકી તો મોટા ભાગે સમય સાથે સ્વભાવ અને સાથ બદલી નાખે છે. મહાભારતમાં કર્ણ જેવો મિત્ર છેલ્લે સુધી દુર્યોધનનો સાથ આપે છે. મિત્ર માટે પોતે મુશ્કેલી વહોરી લેનાર કર્ણ જેવું પાત્ર મળવું મુશ્કેલ છે. બાકી તો સમય સમય બલવાન હે નહિ પુરુષ બલવાન, કાબે અર્જુન લૂંટીયા વહી ધનુષ વોહી બાણ!



મનન ચિંતન
ભરત બાવીશી

# ડ્રાય ટમેટા અમેરિકાનાં કેલીફોર્નીયા મોકલતા ખેડૂત





આજકાલ ગ્લોબલ વોર્મિંગ અને બદલાતા વાતાવરણ વચ્ચે ખેતી પાકો સામે અનેક પડકારો છે. વૈજ્ઞાનિક અભિગમ વિના હવે ખેતી શકય પણ નથી આવી વિષમ સ્થિતિ વચ્ચે દેશના ખુમારી ધરાવતા કાંડાબળીયા ખેડૂતો પોતાની મહેનત તેમજ માહિતી, માર્ગદર્શનના આધાર ઉપર પ્રગતિ કરી રહ્યા છે.

ગુજરાતનાં તત્કાલિન મુખ્યમંત્રી અને દેશનાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતનાં મુખ્યમંત્રી તરીકે હતા ત્યારે કૃષિ નિષ્ણાંતો અને કૃષિ વૈજ્ઞાનિકોને ધોમ ધગતા ઉનાળામાં કૃષિ મહોત્સવનાં માધ્યમથી ગામડાઓમાં મોકલવાની શરૂઆત કરી હતી. પરંતુ ઘરઆંગણે ગંગાજી આવે તો તેની કોઈ કિંમત રહેતી નથી એવું જ કૃષિ મહોત્સવનું થયુ. ખેડૂતોએ પોતાના માટેનો કાર્યક્રમ નિરસ અને નિષ્ફળ બનાવ્યો આમ પોતાના પગ ઉપર કુહાડી મારી છે.

આ બધી પરિસ્થિતિઓ વચ્ચે કાળા માથાનાં માનવી હાર્યા વિના થાકયા વિના આધુનિક જ્ઞાન સાથે આગળ વધી રહ્યા છે. કહેવત છે પૂછતા પંડિત થવાય એમ અવનવા અખતરાઓ અવનવા સંશોધનો અને કૃષિ નિષ્ણાંતોનાં માર્ગદર્શન સાથે આધુનિક ઢબે ખેતી કરી રહ્યા છે. ઉમેદભાઈ રામકુભાઈ બસીયા જુનાગઢ જિલ્લાનાં ભેંસાણ તાલુકાનાં સાંકરોલ ગામનાં નવયુવાન તરવૈયા ખેડૂતે સ્નાતક સુધીનો અભ્યાસ કર્યો છે. ગુજરાત રાજયમાં શાકભાજીનું સૌથી મોટું વાવેતર કરનાર આ ખેડૂત ઉમેદભાઈ બસિયા હશે. વાત કરતા કહે છે દર વર્ષે ૧૦૦ થી ૧૫૦ વિઘા જમીનમાં મરચી અને ટમેટીનું વાવેતર કરે છે. કવોલિટી અને કવોન્ટીટીનાં મંત્ર સાથે કામ કરનાર આ ખેડૂત મરચી અને ટમેટીનું વૈજ્ઞાનિક રીતે વાવેતર કરે છે. ૧૦૦% ડ્રીપ અને ૧૦૦% મલ્ચીંગથી વાવેતર કરે છે. જેનાં હિસાબે શાકભાજીનાં છોડને જરૂરીયાત મુજબ પાણી અને ફર્ટીલાઈઝર આપી શકાય. ઉપરાંત નિંદામણ પણ ન થાય સમય અને માનવ કામની બચત થાય છે. લીલા મરચાનું વેંચાણ ગોંડલ, રાજકોટ, અમદાવાદ જેવા યાર્ડમાં કરે છે અને એક વિઘે ૫૦૦ મણ લીલા મરચાનો ઉતારો મળે છે. જયારે મોટા પ્રમાણમાં ટમેટાનું વાવેતર કરે છે. કોન્ટ્રાકટ ફાર્મિંગથી અમેરીકન કંપનીને ટમેટા સપ્લાય કરે છે. જે ભારતમાં જ ડ્રાય ટમેટા કરીને અમેરીકાના કેલીફોર્નીયામાં નિકાસ કરવામાં આવે છે. નવેમ્બરથી માર્ચ દરમ્યાન ક્રમશઃ ૧૦૦ વિઘા જેટલી જમીનમાં ટમેટીનું વાવેતર કરે છે. તેમા પણ ડ્રીપ, મલ્ચીંગ અને ગ્રો કવરનો ઉપયોગ કરવામાં આવે છે. જેનાં હિસાબે રોગ જીવાત નિયંત્રણ સારું થઈ શકે છે. ટમેટીમાં વિઘે ૬ ટન આસપાસ ઉત્પાદન મળે છે. આ ઉપરાંત લસણ, ડુંગળી, સીંગનું વાવેતર કરે છે. ખરા અર્થમાં ખેતીનાં આ ભોમીયાને મળવા જેવું ખરું ઉમેદભાઈનો સંપર્ક નં. ૮૮૪૯૬૬૬૮૨૬ છે.



ઝાકળનું એક બિંદુ
હિરેન હિરપરા

**-:: તિખારો ::-**

**કોઈપણ વ્યકિત કયારેય એમ જ બદલાઈ જતી નથી, જીવનની ઘણી ઘટનાઓ બદલવા મજબૂર કરે છે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગન્યૂઝ લીલોતરી

# અઠવાડિક ખેતી કાર્યો



ડો. જી. આર. ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ
ફોન ૯૨૭૫૭૦૮૩૪૨

## દિવેલા:

» પિયત દિવેલાના પાકમાં માળ આવવાની શરૂઆત અને ડોડવાના વિકાસની અવસ્થાએ ભેજની ખેંચ ન રહે તે માટે જમીનની પ્રત પ્રમાણે ૧૫ થી ૨૦ દિવસના ગાળે પિયત આપવા.

» વધુ નફો મેળવવા માટે આંતર પાક દિવેલા – ચણાનું વાવેતર કરો

» દિવેલાની ઘોડીયા ઈયળનું પ્રમાણ વધારે હોય તો ત્યારે ખેતરમાં કુદરતી રીતે પક્ષીઓ બેઠકની વ્યવસ્થા કરાવી.

» લીમડાની લીંબોળીના મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

» બેસીલસ થુરીન્જીએંસીસ નામના રોગપ્રેરક જીવાણુંનો પાઉડર ૧૫ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ઉમેરીને બીજી કે ત્રીજી અવસ્થાની ઘોડીયા ઈયળો જોવા મળે ત્યાં તેનો છંટકાવ કરવો.

ક્લોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૦ મિ અથવા કિવનાલફોસ અથવા ડાયમેથોએટ ૩૦ ઈસી ૧૦ મિ.લી. અથવા એમામેક્ટિન બેન્ઝોએટ ૫ એસજી ૪ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો.

## ડાંગર:

» ડાંગરમાં અંગારિયાના નિયંત્રણ માટે ૫૦ ટકા ફૂલ આવવાના સમયે મેન્કોઝેબ ૨૫ ગ્રામ અથવા કાર્બેન્ડેઝીમ૧૦ ગ્રામ/૧૦ લીટર પાણીમાંનાખી છંટકાવ કરવો.

## કપાસ:

» કપાસની ફૂલ અને જીંડવાની અવસ્થાએ ૧ ટકા (૧૯-૧૯-૧૯ ના. ફો. પો.) નો છંટકાવ કરવો.

» ડી.પી.એમ. ટેક્નોલોજી ની ૪૦૦ ગ્રામ પેસ્ટ પ્રતિ હેક્ટરે ટપકા બે ડાળીની વચ્ચે ૧૦૦૦ મુકવા ફુલ અવસ્થા તે પછીની અવસ્થામાં ૩૦ દિવસના અંતરે મુકવા.

## ધાણા:

» ગુજરાત ધાણા-૧ અથવા ૨ નું વાવેતર કરવું તેમજ લીલા ધાણા કે કોથમીર માટે શીતલ જાતનું વાવેતર કરવું. અને ધાણી માટે ગુજરાત ધાણા-૩ જાતનું વાવેતર કરવું.

» વાવેતર નવેમ્બર માસના પ્રથમ અઠવાડિયામાં કરવું અને બીજનો દર ૨૦ કી.ગ્રા. પ્રતિ હેક્ટરે રાખવો.

» ધાણાના ફાડીયા કરી સૂર્યના તાપમાં તપાવી ૧૦ થી ૧૨ કલાક પાણીમાં પલાળી સુક્વ્યા બાદ વાવતેર કરવું.

**શેરડી:** સૌરાષ્ટ્રની આબોહવાકીય વિસ્તારમાં શેરડીની જાત કો.એન ૦૫૦૭૧ (ગુજરાત શેરડી-૫) તેમજ દક્ષીણ ગુજરાત માટે શેરડી - કો - એન - ૧૩૦૭૨નું વાવેતર કરવું

» રોગ-જીવાત મુક્ત ૮ થી ૧૦ માસના પાકમાંથી બીજની પસંદગી કરવી, શેરડીના ૨-૩ આંખ વાળા ટુકડા પસંદ કરી એમીશાન અને મેલાથીયોનના દ્રાવણમાં ૫ થી ૧૦ મિનીટ બોળી રાખવા.



» શેરડીની રોપણી પહેલાં હેક્ટર દીઠ ૩૭.૫ કિલોગ્રામનાઈટ્રોજન, ૧૨૫ કિલોગ્રામ ફોસ્ફરસ અને ૧૨૫ કિલોગ્રામ પોટાશ તત્વ એટલે કે ૭૮૧ કિલોગ્રામ સુપર ફોસ્ફેટ, ૮૧ કિલોગ્રામ યુરીયા અને ૧૨૦ કિલોગ્રામ મ્યુરેટ ઓફ પોટાશ ખાતર ચાસમાં આપવું.

» શેરડીમાં આંતરપાક તરીકે ચણા, લસણ અથવા ડુંગળીનું વાવેતર કરવું.

» શેરડીમાં જૈવિક ખાતરો એસીટોબેક્ટરપીએસ બી અને કે.એમ.બીનું કલ્ચર ૩૦૦ મિલીને ૩૦૦ લીટર પાણીમાં મિશ્ર કરી ૩૦ મિનીટ દ્રાવણમાં કટકાને પલાળી વાવેતર કરવું.

**તુવેર :** તુવેરની શીંગમાં માખી નિયંત્રણ માટે તુવેરના ખેતરમાં ૫૦% છોડ પર શીંગો બેસે ત્યારે ક્વિનાલફોસ અથવા ડાયમિથોએટ છંટકાવ કરવો. ફેનવાલેરેટ ૦.૪% ભુકી ૨૫ કિ.ગ્રા./હે જરૂર જણાય તો ૨૦ દિવસે બીજો છંટકાવ કરવો.


» ૫૦ % ફૂલ બેસવાની અવસ્થાએ ત્યાર બાદ ૧૫ દિવસે ડાયક્લોરોફોસ ૫ મીલી, પેલીટ્રોન સી – ૧૨ મીલી અથવા એસીફેટ – ૨૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં નાખી છંટકાવ કરવો.

**કસુંબી :** કસુંબી પાક માટે કાંટાવાળી અને કાંટા વગરની બન્ને જાતો ઉપલબ્ધ છે. ગુજરાત રાજયમાં વાવેતર માટે ભલામણ કરેલ કાંટાવાળી ભીમા, એ-૧ અને તારા છે, કસુંબીનું બીજ હેક્ટરે ૧૫ કીલોગ્રામ જોઈએ. આ જાતોમાં મોલોમશીનો ઉપદ્રવ ઓછો જોવા મળે છે. આથી વાવેતર માટે કાંટાવાળી ભલમાણ કરેલ જાતો પસંદ કરવી.

» ભાલ વિસ્તારમાં થતાં અન્ય પાકો જેવા કે ઘઉં, ચણા કે રાઈનાં પાક કરતાં ઓછા ખર્ચે વધુ વળતર આપે છે.

**લસણ :** વાવેતર માટે ગુજરાત લસણ-૧ (સફેદ જાત) અને ગુજરાત લસણ-૧૦ (લાલ જાત), ગુજરાત લસણ-૨, ગુજરાત લસણ-૩, ગુજરાત લસણ-૪ ,જી-૪૧, જી-૫૦ ,જી-૨૬૨, જી-૩૨૬ પૈકી કોઈપણ એક જાતની પસંદગી કરવી.

» પાકનું વાવેતર ઓકટો- નવેમ્બર માસ દરમ્યાન કરવું. વાવેતર વખતે હેક્ટર દીઠ ૨૫ કિલોગ્રામ નાઈટ્રોજન અને ૫૦ કિલોગ્રામ ફોસ્ફરસ તત્વ એટલે કે ૧૦૯ કિલોગ્રામ ડી.એ.પી. અને ૧૨ કિલોગ્રામ યુરિયા અથવા ૨૭ કિલોગ્રામ એમોનિયમ સલ્ફેટ ખાતર આપવું અને ૮૦ કિલોગ્રામ મ્યુરેટ ઓફ પોટાશ આપવું.





## ખેત પાકોમાં ઉધઈનું નિયંત્રણ

» ઉપદ્રવ વધુ રહેતો હોય તેવા ખેતરોમાં લીલા પડવાશના પાકો લેવા નહિ તેમજ કાચુ દેશી ખાતર વાપરવુ નહિ કાપણી બાદ પાકના જળીયાનો તુરંત સંપૂર્ણ પણે નિકાલ કરવો .

» ઉપદ્રવીત ખેતરમાં કવીનાલફોસ ૧.૫ ટકા ભુકી હેક્ટર દિઠ ૨૫ થી ૩૦ કિ.ગ્રા. પ્રમાણમાં પાક વાવતા પહેલા જમીનમાં ભેળવી દેવી.

» દવા આપવાની કાર્યવાહી થઈ શકી ન હોય અને ઉધઈનો ઉપદ્રવ જોવા મળે તો પાકમાં ખાતર તરીકે દિવેલી, લીંબોળી કે કણજીનાં ખોળનો ઉપયોગ કરવો.

» ઘઉંના બીજને વાવતા પહેલા ૧ કિ.ગ્રા. બીજ દિઠ ૪.૫ મી.લી. ક્લોરપારીફોસ દવાનો પટ આપીને વાવેતર કરવુ.

» શેરડીનાં વાવેતર માટેનાં ટુકડાઓને મેલાથીયોન ૧% અથવા ક્લોરપાયરીફોસ ૦.૧% ના દ્રાવણમાં ૧૦ મીનીટ બોળી રાખ્યા બાદ વાવેતરના ઉપયોગમાં લેવા.

» મગફળીના બીજને ક્લોરપાયરીફોસ ૨૦ ઈ.સી. દવા ૧૨.૫ મી.લી. પ્રતિ ૧ કિ.ગ્રા. બીજ મુજબ માવજત આપી વાવેતર કરવુ.

» ઉભા પાકમા શક્ય હોય ત્યાં સુધી પિયત આપવાનુ મોડું કરવુ નહી અને છતા પણ ઉધઈનો ઉપદ્રવ વધુ જણાય તો પિયતના પાણી સાથે ક્લોરપાયરીફોસ ૨૦ ઈ.સી. દવા ૨.૫ લીટર પ્રતિ હેક્ટર પ્રમાણે આપવું.

» ઘઉંમાં ઉધઈ નાં નિયંત્રણ માટે બાયાફેથ્રીન૧૦ ટકા ઈ.સી. ૨૦૦ મિલી. ૫ લીટર પાણીમાં મિશ્ર કરી બીજને પટ્ટ આપી ખુલ્લામાં સુકવી બીજા દિવસે વાવેતર કરવું ફળ-ઝાળ તથા સુશોભન વૃક્ષામાં ઉધઈનું નિયંત્રણ

» ફળ-ઝાડની વાડીઓમાં તથા સુશોભન વૃક્ષોમાં ઉધઈ થડ ઉપર માટીનાં પોપડા બાંધી ઝાડને નુકસાન કરે છે. આનાથી રક્ષણ મેળવવા માટે છોડનાં થડ ઉપર જમીનથી ૧.૫ ફુટ ઉંચાઈ સુધી થડની ફરતે કેરોસીનમાં ઓગાળેલ ક્લોરપાયરીફોસ ૨૦ ઈ.સી. દવા ૦.૧% નું દ્રવાણ પંપ થી છાંટવુ.



## ચીકુ

» ચીકુમાં બીજ કોરી ખાનારી જીવાતના નિયંત્રણ માટે ચોમાસા પછી ઓક્ટોબર અને નવેમ્બર મહિનામાં પોલીટ્રીનસી-૧૦ મિ.લિ. અથવા પ્રોફેનોફોસ ૧૨.૫ મિ.લિ. દવાનું ૧૦ લિટર પાણીમાં ૨૦ થી ૨૫ દિવસના અંતરે કરવાથી નિયંત્રણ થાય છે.

**બોર:** ચોમાસું પૂરુ થયા પછી બોરના ઝાડ ફરતે કાળા પ્લાસ્ટિકનું મલ્ચ (૨૫ માઈક્રોન) પાથરવાથી વધુ ઉત્પાદન મળે છે.

## અશ્વગંધા

» વાવણી વર્ષ માં બે વાર થઇ શકે, ઓગષ્ટના છેલ્લા અઠવાડીયામાં અથવા નવેમ્બરના પહેલા અઠવાડીયામાં વાવેતર થાય છે. તૈયાર કરેલા ચાસમાં દોઢ ફૂટ (૪૫ સે.મી.) ના અંતરે બે થી ત્રણ બીજ પડે તે પ્રમાણે વાવણી કરવી કે હાથે થી બીજ રોપવા નર્સરીથી ઉછેર માટે ક્યારીમાં ૫ સે.મી. ના અંતરે બીજ રોપી રોપ ઉછેરી જમીનમાં અનુકૂળ અંતરે રોપાય છે.

આંબા: આંબામાં ઓક્ટોબર કે નવેમ્બર માસમાં પોટેશિયમ નાઈટ્રેટ ૨ ટકાના દ્રાવણના બે છંટકાવ કરવા.

## પપૈયા : પાનનો પંચરંગીયો :

આ રોગ પણ વિષાણુથી થાય છે જેનો ફેલાવો મોલો દ્વારા થાય છે તેને અટકાવવા માટે રોગિષ્ટ છોડને ઉખાડી નાશ કરવો. મોલો અને સફેદમાખી જેવી ચૂસિયાં પ્રકારની જીવાતના નિયંત્રણ માટે એસીફેટ ૭૫ % દવા ૧૫ ગ્રામ દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી ૧૫ દિવસના અંતરે બે છંટકાવ કરવા.

## નાળીયેરી

» નારીયેળીનાં વાવેતર માટે વાનફેર,લોટણ, ડી ટી અને ટી ડી જાતનું વાવેતર કરવું.

» નાળિયેરીનાં પાકમાં આંતર પાક તરીકે કેળ જેવા પાકો વાવી શકાય, હળદર, સૂરણ, તાનીયા.

લીંબુ લીંબુના પાકમાં પાન કોરીયા અને કાળી માખીના નિયંત્રણ માટે ઇમિડાક્લોપ્રીડ (૪ મિ.લિ./૧૦ લીટર) નો છંટકાવ કરવો.

# સ્ટ્રોબેરીની ખેતી માટે ખેડૂતમિત્રોને ગુજરાત સરકાર દ્વારા મળતી સહાય અને લાભ મેળવવા માટેની શરતો

ડો. જે. એસ. પરસાણા , પ્રો. શિવાની આર. પટેલ, ડો. બી. વી. હુમ્મર
બાગાયત મહાવિદ્યાલય, જુ.કૃ.યુ., જુનાગઢ




ગુજરાતમાં સ્ટ્રોબેરીની ખેતી કરવી હોય, તો શિયાળો ઉતરતાં પાક લઈ લીધાં બાદ ખેડૂત પોતાના પાકમાંથી જ બીજા વર્ષ માટે નવા છોડ બનાવવા માગતો હોય તો જૂના વાવેતરમાંથી સારા રનર્સ પસંદ કરી પોલીહાઉસમાં ઉછેરી બીજા વર્ષે આ નવા છોડનું વાવેતર કરવું પડે છે અથવા સ્ટ્રોબેરીના છોડનું વેચાણ કરતી નસરીમાંથી નવા છોડ ખરીદવા પડે છે. ગુજરાતમાં સ્ટ્રોબેરીનું વાવેતર અમદાવાદ, વડોદરા, સુરત કે રાજકોટ જેવા મોટા શહેરોની આસપાસ કરવું હિતાવહ છે, જેથી ફળના સારા ભાવ મળી શકે. કાપણી બાદ, ફળોને યોગ્ય રીતે રેફ્રિજરેશનમાં રાખવાથી ફળો લાંબો સમય સાચવી શકાય છે. વધુ પડતી ફળની હેરફેર કરવાથી ફળને નુકશાન થાય છે. એક હેકટરના વિસ્તારમાંથી આશરે ૮ થી ૯ ટન ફળનું ઉત્પાદન મળી શકે છે. આ માટે ગુજરાત સરકાર દ્વારા સ્ટ્રોબેરીની ખેતી માટે દરેક વર્ષે નવી-નવી યોજનાઓ દ્વારા ખેતીને પ્રોત્સાહન આપવામાં આવે છે.

## ગુજરાત સરકાર દ્વારા સ્ટ્રોબેરીની ખેતી માટે મળતી સહાય

યુનિટ કોસ્ટ-રૂ. ૨.૮૦ લાખ/હે. તેમજ ટપક સિંચાઇ પધ્ધતિ તથા મલ્ચીંગ સાથે ખર્ચના ૪૦%, મહત્તમ રૂ. ૧.૧૨ લાખ/હે. ઉપરાંત યુનિટ કોસ્ટ - રૂ.૧.૨૫ ટપક સિંચાઇ પધ્ધતિ તથા મલ્ચીંગ વિના ખર્ચના ૪૦%, મહત્તમ રૂ. ૦.૫૦ લાખ/હે. જયારે અનુસુચિત જનજાતિ માટે યુનિટ કોસ્ટ- રૂ. ૨.૮૦ લાખ /હે. જેમાં ટપક સિંચાઇ પધ્ધતિ તથા મલ્ચીંગ સાથે ખર્ચના ૫૦%, મહત્તમ રૂ.૧.૪૦ લાખ/હે. અથવા યુનિટ કોસ્ટ- રૂ.૧.૨૫ લાખ /હે., જેમાં ટપક સિંચાઇ પધ્ધતિ તથા મલ્ચીંગ વિના ખર્ચના ૫૦%, મહત્તમ રૂ.૬૨૫૦૦/હે. જેવી અનેક સ્કીમોના લાભ ગુજરાત સરકાર દ્વારા ઓનલાઇન પોર્ટલ (આઇ ખેડૂત પોર્ટલ) (https://ikhedut.gujarat.gov.in/) પરથી અરજી કરી મેળવી શકાય છે.




### લાભ મેળવવા માટેની શરતો:

પ્લાન્ટીંગ મટેરીયલ માટે NHB દ્વારા એક્રીડેશન થયેલ/કૃષિ યુનિ./બાગાયત ખાતાની નર્સરીઓમાંથી તેમજ ટીસ્યુકલ્ચર પ્લાન્ટીંગ મટેરીયલ (રોપા) માટે DBT દ્વારા માન્ય/એક્રીડેશન થયેલ ટીસ્યુ લેબ, GNFC, GSFC, કૃષિ યુનિ.ની ટીસ્યુ લેબ જેવી સરકારની જાહેર સાહસ સંસ્થાઓ પાસેથી પ્લાન્ટીગ મટિરીયલ ખરીદ કરવાનું રહેશે.

» અનુ. જાતિ/અનુ. જનજાતિ સિવાયના જે ખેડૂત ખાતેદાર એક હેક્ટરથી વધુ વિસ્તારમાં સહાયનો લાભ લેવા માંગતા હોય તો તે માટે માઇક્રો ઈરીગેશન સીસ્ટમ (M.I.S.) ફરજીયાત અપનાવવાની રહેશે.

» જે તે ખેડૂત ખાતેદારે બાગાયતી પાકોનાં વાવેતરની નોંધ પાણીપત્રકમાં દાખલ કરાવવાની રહેશે. વાવેતરની નોંધ પાણીપત્રકમાં દાખલ ન થાય ત્યાં સુધી જે તે વિસ્તારના તલાટીનો તે બાબતનો દાખલો ખેડૂતે રજૂ કરવાનો રહેશે.

» નવીન ટપક સિંચાઇ પધ્ધતિ ઉભી કરવાની રહેશે.

» રાજય સરકારની વધારાની ૧૫ % પૂરક સહાય ફક્ત વાવેતર માટે જ આપવાની રહેશે.

» લાભાર્થી દીઠ ૪ હે. ની મર્યાદામાં આજીવન એક વખત.

# સમૃદ્ધિના દ્વાર ખોલતી સરગવાની પ્રાકૃતિક કૃષિ

» પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી સરગવાની ખેતીમાં શરુઆતથી જ પ્રતિ એકર ૧૦,૦૦૦થી ૫૦,૦૦૦ સુધીનું ઉત્પાદન મળી શકે છે.

» સરગવાની શીંગ વિટામિનનો ભંડાર, છાલ અને બીજમાં કૃમિનાશક તત્વ.

» ગુણો, સરગવાના બીજનો પાવડર પાણી શુદ્ધ કરવા ઉપયોગી.

» અમરેલી જિલ્લાના ખેડૂતો અપનાવી રહ્યા છે સરગવાની ખેતી.

» બાગાયતમાં સરગવાના લીધે ફળદાયી

વૃક્ષોને પર્યાપ્ત નાઇટ્રોજન મળે છે




જય મિશ્રા

રાજ્યને આગામી ૦૫ વર્ષમાં ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી તરફ લઈ જવા માટે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃતવમાં મિશન મોડમાં પ્રયાસો થઈ રહ્યા છે. પ્રાકૃતિક ખેતી દ્વારા બાગાયત સહિતની અનેક મૂલ્યવર્ધક ખેતી થઈ શકે છે. અમરેલી જિલ્લાના કેટલાક ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી દ્વારા સરગવાની ખેતી કરી અને સકારાત્મક આર્થિક અને ખેતીલક્ષી પરિણામ મેળવ્યા છે. રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી લિખિત પુસ્તક 'પ્રાકૃતિક ખેતી'માં સરગવાની ખેતી કરવાની પદ્ધતિ અને તેના ફાયદા વિશે માહિતી આપવામાં આવી છે. બાગાયતમાં સરગવાની ભૂમિકા મહત્વની છે, સરગવો ઝડપથી વિકસતું વૃક્ષ છે. તેના મૂળ મારફત પર્યાપ્ત માત્રામાં નાઇટ્રોજન પાડોશી ફળદાયી વૃક્ષોને પણ મળે છે. સરગવો એ મુખ્યત્વે ફળવાળા ઝાડને જરુરી છાંયો આપે છે અને પવન રોકે છે.

### સરગવાના ફાયદા :

રગવાના લીલા પાન અને સફેદ ફુલોનું શાક બને છે. સરગવાના પાન પાલતુ પશુઓને ખવડાવવામાં આવે છે, જે દુધાળા પ્રાણીઓનું દૂધ વધારે છે. ફેબ્રુઆરી-માર્ચ મહિનાના સમયગાળામાં સરગવા પર ફુલ આવે છે. એપ્રિલ-મે મહિનામાં તેના પર શીંગ લાગે છે. સરગવાની શીંગ વિટામીનનો ભંડાર છે. ૨.૫ ફૂટ સુધીની લંબાઈ ધરાવતી શીંગમાં માવો હોય છે. આ પુસ્તકમાં જણાવ્યા મુજબ સરગવાની ખેતીમાં પ્રતિ એકર ૧૦,૦૦૦-૫૦,૦૦૦ સુધીની ઉત્પાદન મૂલ્ય શરુઆતથી મળે છે. એકવાર સરગવો લગાડવાથી ત્રણ થી ચાર વર્ષ સુધી ઉત્પાદન મળે છે. સરગવાના પાંદડા, ડાળીઓ, છાલ અને બીજમાં પણ કૃમિનાશક ગુણ છે. પાંદડાના રસમાં સુક્ષ્મ જંતુનાશક તેમજ ફુગનાશકનો ગુણ પણ હોય છે. પાણી શુદ્ધ કરવા સરગવાનાં બીજનો પાવડર અત્યંત ઉપયોગી સાબિત થઈ શકે છે. સરગવાના બીજનો પાઉડર પાણી શુદ્ધ કરવા માટે ઉપયોગી છે અને નુકસાન રહિત જળશોધક છે.


### સરગવાની અભિવૃદ્ધિ :

સરગવાનો છોડ-બીજ વાવીને અથવા વૃક્ષની ડાળી કાપી અને તેને લગાવી તૈયાર કરી શકાય છે. ડાળી ૦૩ ફૂટ લાંબી અને ૦૫ થી ૦૬ સેમી પહોળી હોવી જોઈએ. બીજને ચોક્કસ જગ્યાએ બીજામૃતમાં સંસ્કાર કરીને લગાવો. રોપણી પહેલા ૨૪ કલાક માટે બીજને બીજામૃતમાં પલાળી રાખો. બે હરોળનું અંતર ૧૬ થી ૧૨ ફૂટ રાખવું. આ અંતર ફળઝાડ વૃક્ષ અથવા આંતરપાક ઉપર આધાર રાખે છે. સરગવાના વૃક્ષ પર શાખાઓ સતત વધતી જાય છે. જ્યાં સુધી સરગવાનું વૃક્ષ મુખ્ય ફળઝાડની ઉપર ૦૨ ફૂટ સુધી ન પહોંચે ત્યાં સુધી તેની ડાળીઓ તોડતા રહો જ્યારે તે નિશ્ચિત ઊંચાઈએ પહોંચી જાય પછી તેને ઉપર ફેલાવા દો. આ પ્રકારે વૃક્ષ મુખ્ય ફળઝાડને છાંયો આપશે. તોડેલી ડાળીઓનો ઉપયોગ આચ્છાદન માટે થાય છે. આમ, બહુમૂલ્ય ફાયદો ધરાવતો સરગવો પ્રાકૃતિક ખેતી દ્વારા બાગાયતમાં ખૂબ ઉપયોગી છે.

# ગુજરાતની વણથંભી વિકાસ યાત્રાના સફળ ૨૩ વર્ષ પૂર્ણ થતા વિકાસ સપ્તાહની ઉજવણી કરાશે

ગાંધીનગર,તા.૬

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૭ ઓક્ટોબર ૨૦૦૧ના દિવસે ગુજરાતના ૧૪માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા અને વિકાસની રાજનીતિનો એક નવો અધ્યાય શરૂ થયો હતો. ૭ ઓક્ટોબર ૨૦૦૧થી ગુજરાતના વિકાસની જે વણથંભી યાત્રા શરૂ થઈ તેને સોમવાર તા. ૭ ઓક્ટોબર ૨૦૨૪ના ૨૩ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા ત્યારથી લઈને અત્યાર સુધીની ગ્લોબલ ગુજરાતની સંકલ્પ સિદ્ધિની આ બહુવિધ વિકાસ યાત્રા અને જનહિતકારી સુશાસનની ગાથા જન જન સુધી ઉજાગર કરવા દર વર્ષે તા. ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી સમગ્ર રાજ્યમાં વિકાસ સપ્તાહની ઉમંગભેર ઉજવણી કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકે નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના આ વૈશ્વિક અને બહુમુખી વિકાસ માટે આપેલા યોગદાનનો ઋણસ્વીકાર કર્યો હતો. ગુજરાતની આ સર્વાંગી વિકાસ યાત્રાને વડાપ્રધાન તરીકે નરેન્દ્રભાઈ મોદી દ્વારા મળી રહેલા સતત માર્ગદર્શન માટે પણ આભાર વ્યક્ત કર્યો હતો અને ૨૦૦૧થી ૨૩ વર્ષ સુધી તેમની પ્રેરણાથી ગુજરાતે વિકાસ અને સુશાસનના જે નવા સીમચિહ્નો અંકિત કર્યા છે તેની ઉજવણી દર વર્ષે વિકાસ સપ્તાહથી કરવાનો નિર્ણય કર્યો હતો. આ વિકાસ સપ્તાહ દરમિયાન વિવિધ થીમ સાથે યોજાનારા કાર્યક્રમોની



વિસ્તૃત ભૂમિકા રાજ્ય સરકારના પ્રવક્તા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આપી હતી. પ્રવક્તા મંત્રીએ કહ્યું કે, આ વર્ષે વિકાસ સપ્તાહ દરમિયાન જે વિવિધલક્ષી કાર્યક્રમો રાજયભરમાં યોજાવાના છે તેમાં જે-તે સ્થળના સ્થાનિક કલાકારોની પ્રસ્તુતિના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત 'વિકાસ સપ્તાહ' હેશટેગ સાથે સોશિયલ અને ડિજિટલ મીડિયા પર નાગરિકો નરેન્દ્રભાઈ મોદીની સુશાસન પહેલો અને તેની સમાજ જીવન પર અસરો અંગેના અનુભવો શેર કરી શકશે. ગુજરાતમાં નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં ૨૩ વર્ષના સુશાસનમાં વિકાસ કામોથી પ્રસિદ્ધ એવા વિવિધ જિલ્લાઓ-શહેરોના ૨૩ જેટલા આઈકોનિક પ્લેસ પર વિકાસ પદયાત્રા દ્વારા રાજ્યના વિકાસમાં નરેન્દ્રભાઈ મોદીના મહત્વપૂર્ણ યોગદાનથી લોકોને સુપરિચિત કરાશે. આરોગ્યમંત્રીએ આ સંદર્ભમાં જણાવ્યું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાબરમતી રિવરફ્રન્ટ, સુરત ડાયમન્ડ બુર્સ, નડાબેટ, પાવાગઢ, શ્યામજી કૃષ્ણ વર્મા મેમોરિયલ, સ્મૃતિવન, અંબાજી, દ્વારકા સુદર્શન બ્રિજ અને પાલ દઢવાવના આદિવાસી શહીદ સ્મારક સહિતના સ્થળોઓએ આવી વિકાસ પદયાત્રા યોજાશે. તેમણે વધુમાં કહ્યું કે, આ વિકાસ સપ્તાહમાં વિદ્યાર્થીઓ અને યુવા શક્તિને પણ જોડવાના બહુઆયામી આયોજનો અંતર્ગત શાળા-કોલેજોમાં વિકાસ થીમ આધારિત નિબંધ સ્પર્ધાઓ પણ યોજાશે. એટલું જ નહિ, વિકાસમાં લોકોની સહભાગિતા માટે ભારત વિકાસ પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતું. રાજ્યના પ્રખ્યાત જાહેર સ્થળોની દિવલો પર વૉલ પેઈન્ટિંગથી ૨૩ વર્ષની વિવિધ ક્ષેત્રોની વિકાસયાત્રાની ઝાંખી પ્રસ્તુત કરાશે. આ ઉપરાંત રાજ્યના મહત્વપૂર્ણ વિકાસ સ્થળોનું સુશોભન અને લાઈટીંગ પણ કરવામાં આવશે. આ ઉપરાંત સમગ્ર રાજયમાં રૂપિયા ત્રણ હજાર પાંચસો કરોડથી વધુ રકમના વિવિધ વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ આ વર્ષે વિકાસ સપ્તાહ દરમિયાન કરવામાં આવશે.

**પોલીસથી બચવા જુગારીઓની નવી તરકીબ**

# અમરેલીમાં હોટલમાં રૂમ ભાડે રાખી જુગાર રમતાં ઈસમો પર એલસીબી ત્રાટકી

અમરેલી, તા.૬

જુગારીઓ પોલીસથી બચવા અવનવી તરકીબ અજમાવતાં હોય છે. જોકે તેમ છતાં તેઓ નિષ્ફળ જાય છે. અમરેલી શહેરમાં એક નવા જ પ્રકારના જુગારધામનો પોલીસે પર્દાફાશ કર્યો હતો. શહેરમાં હોટલના રૂમમાં ચાલતાં જુગારધામ પર એલસીબી ટીમ ત્રાટકી હતી અને ૧૧ ઈસમો પાસેથી ૪.૬૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અમરેલી એલસીબી ટીમે શહેરમાં જુના માર્કેટ યાર્ડમાં આવેલી એન્જલ લોર્ડસ હોટલમાં ચાલતા જુગાર ધામ ઉપર રેઈડ કરી જુગાર રમતા ૧૧ ઈસમોને રોકડ રકમ રૂ.૧,૧૯,૨૦૦ તથા મોબાઈલ ફોન, વાહન સહિત કુલ રૂ.૪,૬૩,૨૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા. અમરેલી એલસીબી ટીમને બાતમી મળી હતી કે, ફેજલ ફારૂકભાઈ કુંડલીયા



(રહે.અમરેલી, મોટા કસ્બાવાડ) અમરેલી, જુના માર્કેટ યાર્ડમાં આવેલી હોટલ એન્જલ લોર્ડસમાં રૂમ નંબર ૧૧૦ બુક કરાવી, પોતાના આર્થિક ફાયદા માટે બહારથી બુક કરેલા રૂમમાં માણસો બોલાવી, ગંજીપત્તાના પાના વડે તીન-પત્તીનો હારજીતનો જુગાર રમી રમાડી જુગારનો અડ્ડો ચલાવે છે. જેના આધારે રેઈડ પાડી જુગારનો અડ્ડો ચલાવનાર તથા જુગારના અડ્ડામાં જુગાર રમતા કુલ - ૧૧ ઈસમોને રોકડા રૂ.૧,૧૯,૨૦૦, મોબાઈલ ફોન નંગ - ૧૦ કિ.રૂ.૨,૧૪,૦૦૦ તથા સ્કુટર વાહન નંગ – ૫ કિ.રૂ. ૧,૩૦,૦૦૦ તથા જુગાર સાહિત્ય સાથે અગિયાર શખ્સોને ઝડપી લેવામાં આવ્યા હતા.

# એપ્રિલ ૨૦૦૫ પહેલા ફિક્સ પગારમાં નિમણૂક કરાયેલા અધિકારી-કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ મળશે

ગાધીનગર,તા.૦૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર ખાતે મળેલી રાજ્ય મંત્રી મંડળની કેબિનેટ બેઠકમાં ગુજરાત સરકારના લાખો કર્મચારીઓના હિતલક્ષી મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યા છે. તા. ૦૧/૦૪/૨૦૦૫ પહેલા ફિક્સ પગારમાં નિમણૂક મેળવનાર કર્મચારીઓની નિમણૂક હુકમની શરતો અનુસાર તેમની ફિક્સ પગારની સેવા, નિવૃતિ વિષયક



લાભો તથા અન્ય લાભો માટે પાત્ર ગણાશે નહીં, તેવો ઉલ્લેખ હતો. જે તે કર્મચારીઓએ આ બાબતે લેખિતમાં બાહેંધરી પણ આપી હતી, તેમ છતાં રાજ્ય સરકાર દ્વારા સહાનુભૂતિપૂર્વક કર્મચારી અને તેમના પરિવારજનોના હિતાર્થે આ લાભો રાજ્યના આવા ૬૦ હજારથી વધુ કર્મચારીઓને આપવાનો સૈધ્ધાંતિક રીતે સ્વીકાર કરવામાં આવ્યો છે. જેઓની નિમણૂક તા. ૦૧/૦૪/૨૦૦૫ પછીની હોય તેવા તમામને મળીને અંદાજીત ૬૦,૨૪૫ જેટલા અધિકારી-કર્મચારીઓને જૂની પેન્શન યોજના સ્વીકારવા માટે વન ટાઇમ વિકલ્પ આપવાની રજૂઆત હતી જેનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો છે.

# વીજપડીથી સાવરકુંડલાના હાઈવે પર ખાડા પુરવા માંગ



અમરેલી, તા.૦૬

નેશનલ હાઈવે પરના વીજપડીથી સાવરકુંડલા તરફના રસ્તામાં ઠેર ઠેર ખાડા જોવા મળી રહ્યા છે. આ અંગે અધિકારીઓને અવાર-નવાર રજૂઆત કરવા છતાં પણ તે બાબતે ધ્યાન આપવામાં આવતું નથી તેવી ફરિયાદો થઈ રહી છે. વાંરવાર રજૂઆત કરવા સમયે એક બે ખાડાઓ બુરીને જતા રહેતા હોય છે તો તાત્કાલિક અસરથી મોટા ખાડા પુરવામાં આવે તેવી સ્થાનિક લોકોએ માગણી કરે છે.

# કોડીનાર તાલુકાના ડોળાસા ગામમાં રસ્તાની બિસ્માર હાલત: વાહનચાલકો અને વેપારીઓ પરેશાન

કોડીનાર, તા.૦૬

કોડીનાર તાલુકાના ડોળાસા ગામમાંથી પસાર થતા હાઈવે રોડની હાલત અત્યંત ખરાબ થઈ જવાથી વાહનચાલકો અને સ્થાનિક વેપારીઓ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ચાર મહિના પહેલાં ચોમાસાની શરૂઆતથી જ આ રસ્તાની સ્થિતિ કથળતી ગઈ છે. હાલમાં રોડ પર મોટા-મોટા ખાડાઓની હારમાળા જોવા મળે



છે, જે વાહનચાલકો માટે જોખમી બની રહી છે. વાહનો પસાર થતાં જ ધૂળની ડમરીઓ ઊડે છે, જેનાથી આસપાસના વિસ્તારમાં પ્રદૂષણ ફેલાઈ રહ્યું છે. ડોળાસા બસ સ્ટેશન વિસ્તારના વેપારીઓ પણ આ પરિસ્થિતિથી ત્રસ્ત છે. તેમના જણાવ્યા અનુસાર, ધૂળની ડમરીઓ તેમના વ્યવસાય પર નકારાત્મક અસર કરી રહી છે. હાલમાં નવરાત્રિનો તહેવાર ચાલી રહ્યો છે અને દસ દિવસ બાદ દિવાળીની ઉજવણી શરૂ થશે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, સ્થાનિક લોકોએ તહેવારો પહેલાં રસ્તાને ફરીથી પેવર કરવાની માંગ કરી છે. આ સમસ્યાના નિવારણ માટે સત્વરે પગલાં લેવામાં આવે તેવી માંગ ઊઠી છે.

# 'મને માફ કરી દે જે ને છોકરાનું ધ્યાન રાખજે સોરી' ચીઠ્ઠી લખી રાજુલાનો પુરુષ ઘરેથી લાપતા થયો

રાજુલા, તા.૬

રાજુલામાં રહેતા એક પુરુષે 'જીવતો રહીશ તો ફરી મળીશું મને માફ કરી દે જે ને છોકરાનું ધ્યાન રાખજે સોરી' એવી ચીઠ્ઠી લખીને લાપતા બન્યો હતો. બનાવ અંગે દક્ષાબેન મનોજભાઈ ગોહીલ (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, તેમના પતિ મનોજભાઈ જીવનભાઈ ગોહીલ (ઉ.વ.૩૭) ઘરે સોરી જીવતો હશું તો ફરી મળીંશુ મને માફ કરી દે જે ને છોકરાનું ધ્યાન રાખજે સોરી'' લખેલી ચીઠ્ઠી તેના પાકીટમાં મુકી બપોરના આશરે ત્રણ વાગ્યે તેની બેન્કની ગાડી લઈ બેન્કે જઈ ગાડી ત્યાં મુકી પોતાનો ફોન સ્વીચ ઓફ કરી કંઈ પણ જાણ કર્યા વગર ગુમ થઈ ગયા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર કે વરૂ વધુ તપાસ કરી રહ્યા છે.

**ગુમ થનારો પુરુષ બૅંકમાં નોકરી કરતો હતો**

# ડબલ એન્જિનની સરકાર એટલે ડબલ લૂંટ, યૂપીમાં સાત વર્ષથી આવું થઈ રહ્યું છે : કેજરીવાલ

નવીદિલ્હી,તા.૬

દિલ્હીના છત્રસાલ સ્ટેડિયમમાં આમ આદમી પાર્ટી દ્વારા 'જનતા કી અદાલત' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જનતાને સંબોધતા અરવિંદ કેજરીવાલે કહ્યું કે દિલ્હીની જનતાનો પ્રેમ, સમર્થન અને વિશ્વાસ મારી ઈમાનદારીનો પુરાવો બનશે. દિલ્હીના પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલે કહ્યું કે ડબલ એન્જિન સરકાર એટલે ડબલ લૂંટ. યુપીમાં છેલ્લા સાત વર્ષથી ડબલ એન્જિનની સરકાર છે, પરંતુ તે નિષ્ફળ ગઈ છે. અરવિંદ કેજરીવાલે કહ્યું, 'તેમની (ભાજપ) ૨૨ રાજ્યોમાં સરકાર છે. તમે તેમને એક રાજ્યનું નામ જણાવો જ્યાં તેમણે વીજળી મફત કરી હોય. તેઓ ૩૦



વર્ષથી ગુજરાતમાં સત્તા પર છે. તેઓએ એક પણ શાળાનું સમારકામ કરાવ્યું નથી.૨૨ રાજ્યોમાં તેમની સરકાર છે, મને એક વાત કહો કે તેઓએ સારું કર્યું છે. પીએમ મોદી આવતા વર્ષે ૧૭ સપ્ટેમ્બરે નિવૃત્ત થશે. હું તમને પડકાર આપું છું કે આ એક વર્ષમાં ૨૨ રાજ્યોમાં કંઈક કરો જે દિલ્હીમાં થયું છે કેજરીવાલે કહ્યું, 'જ્યારે તમે નિવૃત્ત થશો ત્યારે બધા વિચારશે કે તમે ૧૦ વર્ષ સુધી કંઈ કર્યું નથી, પરંતુ ૧૧મા વર્ષે કંઈક કર્યું.

# ક્વોરી ઉદ્યોગના પ્રશ્નોનો ઉકેલ લાવવા એસોસિએશનની ઉચ્ચ સ્તરે રજૂઆત

અમરેલી, તા.૦૬

અમરેલી જિલ્લામાં ક્વોરી ઉદ્યોગના લાંબા સમયથી પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે ક્વોરી એસોસિએશન દ્વારા કલેક્ટર, સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય જનકભાઈ તળાવીયાને લેખિતમાં રજૂઆત કરાઈ છે. અમરેલી જિલ્લા બ્લેકટ્રેપ ક્વોરી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ મહેશભાઈ ભાયાણીએ જણાવ્યું



હતું કે, રાજ્ય સ્તરની પર્યાવરણીય કમિટી દ્વારા યોગ્ય કાર્યવાહી તા. ૨૬-૧૦-૨૪ સુધીમાં પૂર્ણ નહીં થાય તો રાજ્યભરની તમામ ક્વોરી બંધ થશે. ક્વોરી ઉદ્યોગન પાયારૂપ વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે અગાઉ વારંવાર રજૂઆત કરવામાં આવી છે પરંતુ આજદિન સુધી તેનો સકારાત્મક ઉકેલ આવ્યો નથી. આ પ્રશ્નોનો ઉકેલ આવે ત્યાં સુધી ૨-૧૦-૨૪થી રાજ્યભરના તમામ ક્વોરી ઉદ્યોગને બંધ કરવાની ફરજ પડી છે. આ પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો આ ઉદ્યોગ સાથે સંકળાયેલા કામદારોની રોજગારી, ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ, નાના-મોટા અન્ય ઉદ્યોગને નુકસાનીની જવાબદારી સરકારની રહેશે.

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૭૪ /૨૦૨૪

અરજદાર: શ્રી બારૈયા મંજુબેન રમેશભાઈ
સરનામુ: મું.ધારાબંદર, તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી, ધારાબંદર મું.ધારાબંદર, તા. જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ધારાબંદર** ગામના **શ્રી બારૈયા મંજુબેન રમેશભાઈ** એ તેમના **પુત્રી નામે શ્રી હિરલ રમેશભાઈ બારૈયાનો જન્મ** તા.૦૧/૦૬/૨૦૦૭ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી નરેશભાઈ એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે ઓકટોમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૩/૧૦/૨૦૨૪**

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૭૮ /૨૦૨૪

અરજદાર: શ્રી ભગાભાઈ નનાભાઈ સોલંકી
સરનામુ: મું.વઢેરા, તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી, વઢેરા મું.વઢેરા, તા. જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વઢેરા** ગામના **શ્રી ભગાભાઈ નનાભાઈ સોલંકી** એ તેમના **પુત્ર નામે શ્રી પ્રવિણભાઈ ભગાભાઈ સોલંકીનો જન્મ** તા.૧૫/૦૩/૨૦૦૩ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આઈ.આઈ.ગાહા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે ઓકટોમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૩/૧૦/૨૦૨૪**

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૭૯ /૨૦૨૪

અરજદાર: શ્રી રવજીભાઈ પાસાભાઈ બાંભણીયા
સરનામુ: મું.મીતીયાળા, તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી,મીતીયાળા મું.મીતીયાળા, તા. જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના મીતીયાળા** ગામના **શ્રી રવજીભાઈ પાસાભાઈ બાંભણીયા** એ તેમના **પત્નિ નામે સ્વ. શ્રી રાણુબેન રવજીભાઈ બાંભણીયા નું મરણ** તા.૨૫/૧૧/૨૦૧૪ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આઈ.આઈ.ગાહા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે ઓકટોમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૩/૧૦/૨૦૨૪**

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

# ગીર સોમનાથના ફાટસર પે શાળાના બાળકોનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો



ગીર સોમનાથ, તા.૬

ગીર સોમનાથ જિલ્લા ફાટસર પે શાળાના ૫૦ બાળકોએ GUJCOST ગાંધીનગર અને ધર્મભક્તિ લોકવિજ્ઞાન કેન્દ્ર સોમનાથના સહકારથી નિ:શુલ્ક રીઝિયોનલ સાયન્સ સેન્ટર ભાવનગરની મુલાકાત લીધી. એક દિવસના પ્રવાસ દરમિયાન બાળકોને વિજ્ઞાન વિશે જુદી જુદી ગેલેરી દ્વારા કઈક નવું શીખવા મળ્યું હતું. બાળકો તેમાંથી પોતાના વિષય અનુરૂપ બાબતોનો શિક્ષણમાં ઉપયોગ કરી શકશે.


ગુજરાત સરકાર
વિકાસ સપ્તાહ
ભારતના માનનીય વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી
શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 23 વર્ષ પહેલાં
7 ઑક્ટોબર 2001ના રોજ પ્રથમવાર
મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.
23 વર્ષ...
સફળ અને સક્ષમ નેતૃત્વના
24 કલાક વીજળીની સંકલ્પના થઇ સાકાર
ઊર્જાશક્તિ, જળશક્તિ, જ્ઞાનશક્તિ, જનશક્તિ અને રક્ષાશક્તિના પંચામૃતથી થઇ રહ્યું છે ગુજરાત વિકસિત
ગરબા, ધોરડો અને સ્મૃતિવન થયાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિથી સુશોભિત
સૌથી ઊંચા સ્ટેચ્યુ, સૌથી મોટા સ્ટેડિયમથી બન્યાં ગૌરવાન્વિત
ગિફ્ટ, ડાયમંડ બુર્સ અને ધોલેરા બની રહ્યા છે વિકાસના નિમિત્ત
રિન્યુએબલ ઊર્જાના પર્યાય તરીકે સ્થાપિત
દેશના ગ્રોથ એન્જિન તરીકે પ્રસ્થાપિત
પ્રો-પીપલ ગવર્નન્સ, પોલિસી ડ્રિવન સ્ટેટ તરીકે સંસ્થાપિત
વિકસિત ભારતના નિર્માણ માટે ગુજરાત છે સમર્પિત